## શુદ્ધ આલોચનાના ગુણો

लहुआ ह्लाईजणणं अप्पपरनिअत्ति अज्जवं सोही ।
दुक्करकरणं आणा (विणओ) निस्सल्लत्तं च सोहिगुणा ॥
(व्य. सू. ३१७, नि.भा. ६३९१)

૧. પાપના ભારથી હળવા થવાય છે.

૨. પાપરૂપી શલ્ય દૂર થતાં અતિ આનંદ-પ્રમોદ થાય છે.

૩. આલોચના કરવાથી સ્વયં પોતાના દોષથી મુક્ત થાય છે, તેને જોઈને અન્ય પણ પોતાના દોષથી મુક્ત થાય છે.

૪. સ્વદોષને અન્ય (ગુરુભગવંત) સમક્ષ પ્રગટ કરવાથી અમાયાવી અર્થાત્ સરળતા ગુણથી ભાવિત થવાય છે.

૫. અતિચારરૂપી કાદવથી મલિન થયેલા આત્મા તથા ચરિત્રનું પ્રાયશ્ચિતરૂપી જલવડે પ્રક્ષાલન થતાં નિર્મળતા પ્રાપ્ત થાય છે.

૬. અનાદિભવનો અભ્યાસ હોવાથી પાપનું સેવન થવું તે દુષ્કર નથી પરંતુ તેનું શુદ્ધ આલોચન કરવું તે દુષ્કર છે, નિકટમોક્ષગામી આત્મા જ વિશેષ સત્ત્વફોરવીને દુષ્કર એવું શુદ્ધ આલોચનાનું કાર્ય કરી શકે છે.

૭. આલોચના કરવાથી તીર્થંકર પરમાત્માની આજ્ઞાના પાલનરૂપી આરાધના થાય છે.

૮. આલોચના કરવાથી ચારિત્રવિનયગુણ ખીલે છે.

૯. આલોચના કરવાથી પાપમુક્ત (શલ્યરહિત) થવાય છે.

Sunshine Prints - 7778873949



# પાપોનું એકરારનામું

(ભવ-આલોચના)



## જિનવચન

- એકાએક, અજ્ઞાનતાથી, ભયથી, કોઈના દબાણથી, કુટેવને કારણે કે, સંકટમાં ફસાઈને, રાગદ્વેષથી મૂઢ બનીને જે કોઈપણ પાપાચારરૂપી અસદ્પ્રવૃતિ થઈ ગઈ હોય તેની અહંકાર અને માયા વગર ખૂબ જ સરળતાપૂર્વક ગુરુભગવંત પાસે આલોચના કરવી જોઈએ.
- તાલપૂટ હળાહળ ઝેર, તોફાને ચડેલા ભૂત, ક્રોધાન્ધ સર્પ કે વિપરિત્તરીતે ચલાવવામાં આવેલ યંત્ર જે નુકશાન કરે તેનાથી અનેકગણું ભયંકર નુકશાન જીવનમાં થઈ ગયેલા પાપોનું આલોચન નહીં કરનાર આત્માને થાય છે, જે તેને દુર્લભબોધિ બનાવી અનંતકાળ સુધી સંસારચક્રમાં ભ્રમણ કરવાની સજા ફટકારવા માટે સમર્થ બને છે.
- જીવનમાં થઈ ગયેલા પાપોની ભાવપૂર્વક આલોચના કરીને આત્મા જેટલી આત્મશુદ્ધિ પામે તેના બદલે જંબૂદ્વીપમાં રહેલા મેરુપર્વતાદિ પર્વતો સુવાર્ણના બને અથવા જંબૂદ્વીપમાં રહેલી રેતી રત્ન બની જાય અને તે સુવાર્ણ અથવા રત્નનું સાતક્ષેત્રમાં દાન કરે તો પણ તે આત્મા તેટલી આત્મશુદ્ધિ પામી શકતો નથી.
- જીવ થયેલા પાપોની શુદ્ધ આલોચના કરવા માટે પ્રારંભ કરે પરંતુ માર્ગમાં જ મૃત્યુ પામી જાય તો પણ તે જીવ આરાધક છે પરંતુ અશુદ્ધ આલોચના કરનાર આલોચના કરવા છતાં વિરાધક બને છે.
- પાપરૂપી કાદવથી ખરડાયેલા અનંતા આત્માઓ સદ્ગુરુ પાસે આલોચના લઈ નિર્વિઘ્ને અનંત એવા શાશ્વતસુખના ભોગી બન્યા છે.
- અનશન કરનાર આત્મા જો જીવનના અંતસુધીમાં પણ પોતાના કરેલા પાપોનું પ્રાયશ્ચિત ન કરે તો તે દુર્લભબોધિ અને અનંત સંસારી બને છે.
- કોઈ આત્મા કરેલા પાપોને છૂપાવીને શુદ્ધસ્વરૂપને પામી શકતો નથી.

જેમ કોઈપણ મકાનના બાંધકામની શરૂઆત કરતાં પહેલા ભૂમિશુદ્ધિની પ્રક્રિયા કરવા દ્વારા તે ભૂમિમાં રહેલા હાડકા, અશુચિ વગેરે અશુભ-મલીન તત્ત્વોને દૂર કરવામાં આવે છે, જેના પ્રભાવે તે મકાનમાં ભૂત-પ્રેતાદિનો વાસ હોય તો દૂર થાય અને ત્યાં વસવાટ કરનાર સુખ-શાંતિ અને સમાધિ પામી શકે

### તેમ

જીવનના આધ્યાત્મિક મહેલના નિર્માણપૂર્વે જીવના આ જ ભવના ભૂતકાળમાં થઈ ગયેલ અઢારપાપસ્થાનકરૂપી અસદ્પ્રવૃત્તિરૂપી હાડકા વગેરે અશુભ-મલીન તત્ત્વોને દૂર કરવા અત્યંત આવશ્યક છે જેના પ્રભાવે જીવ પોતાની પ્રત્યેક આરાધના દ્વારા સુખ-શાંતિ અને સમાધિનો અહેસાસ કરવા સમર્થ બને

### અન્યથા

ભૂતકાળમાં થઈ ગયેલ અસદ્પ્રવૃત્તિના સ્મરણરૂપી ભૂતો જીવની સુખ-શાંતિ અને સમાધિને લૂંટતા રહેશે અને જીવને ચેનથી જીવવા નહીં દે !



# પાપોનું એકરારનામું

(ભવ-આલોચના)

✳ સંકલન ✳

યુગપ્રધાન આચાર્યસમ
પ.પૂ.પં. ચન્દ્રશેખર વિજયજી ગણિવર્યનાશિષ્ય
પ.પૂ.આ. ધર્મરક્ષિતસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય
પ.પૂ.આ. હેમવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ


✳ પ્રકાશક ✳

સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ
C/o. ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા
મીનરાજ સ્કુલની સામે, રૂપાયતન રોડ,
ભવનાથ તળેટી, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧
ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯
મો. ૯૪૦૯૬ ૮૫૯૯૯

પ્રથમ આવૃતિ : ૨૦૦૦ નકલ - શ્રા.સુ.૫.-૨૦૭૧
દ્વિતીય આવૃતિ : ૨૦૦૦ નકલ - શ્રા.સુ.૫.-૨૦૭૨
તૃતીય આવૃતિ : ૨૦૦૦ નકલ - શ્રા.સુ.૫.-૨૦૭૩
ચતુર્થ આવૃતિ : ૨૦૦૦ નકલ - ભા.વ.અ.-૨૦૭૪
પાંચમી આવૃતિ : ૨૦૦૦ નકલ - મા.સુ.૧૪-૨૦૭૬

શ્રી નેમિનાથ જન્મ કલ્યાણક દિવસ

કીંમત : આત્મશુદ્ધિ      મુદ્રક : સનસાઈન પ્રિન્ટ્સ-૭૭૭૮૮ ૭૩૯૪૯

## ✳ પ્રાપ્તી સ્થાન ✳

**ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા**
રૂપાયતન રોડ, શિવનિકેતનની બાજુમાં,
મીનરાજ સ્કુલ સામે, ભવનાથ તળેટી,
જૂનાગઢ-૩૬૨ ૦૦૧
ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯
૨૬૫૭૧૯૯
મો. ૯૪૦૯૬૮૫૯૯૯

**ભગીરથ ઈલેક્ટ્રોનીક્સ**
૨૫-૨૭-બી, જાદવ ચેમ્બર્સ,
સેલ્સ ઈન્ડીયાની પાછળ,
આશ્રમ રોડ, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૭૫૪૬૨૩૮
મો. ૯૮૨૫૨૮૯૯૧

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
ચંદનબાળા કોમ્પલેક્ષ, ફતેહપુરા,
ભઠ્ઠા, અમદાવાદ-૩૮૦૦૦૭
મો. ૯૨૨૮૪૨૮૮૨૪
ફોન : ૦૭૯-૨૬૬૪૧૫૫૮

**વર્ધમાન સંસ્કારધામ**
પહેલા માળે, ભવાની કૃપા બિલ્ડીંગ,
૧૧૨, જગન્નાથ શંકર શેઠ રોડ,
ગિરગામ ચર્ચ પાસે,
મુંબઈ-૪૦૦૦૦૪
ફોન : ૦૨૨-૨૩૬૭૦૯૭૪

**સમકિત ગ્રુપ**
૧૪૮/૧૦૨, ચન્દ્ર દર્શન
જવાહર નગર, રોડ નં.-૯,
ગોરેગામ (વેસ્ટ)
મુંબઈ-૪૦૦૦૬૨
મો. ૯૮૨૦૧૨૧૧૯૫

**મહેતા ડેરી**
તળેટી રોડ, પાલીતાણા.
ફોન : ૦૨૮૪૮-૨૫૨૨૩૨

**રાજુભાઈ**
જૈન ઉપાશ્રય
ચાંદી બજાર, જામનગર.
ફોન : ૯૪૨૮૬૨૬૮૧૪

**જૈનમ્ ચશ્માઘર**
સટ્ટાહોલ પાસે,
એમ. જી. રોડ, સુરેન્દ્રનગર.
ફોન : ૦૨૭૫૨-૨૨૪૧૪૦
મો. ૯૪૨૮૨૯૨૯૯૧

**જયેશભાઈ નાનાલાલ શાહ**
**આગમ બુક સ્ટોલ**
હાઈકોર્ટ રોડ, હજુર પાયગા રોડ,
જે. એલ. પરીખ ઓફીસ નીચે,
ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૦૩૫૩
૨૫૧૭૬૫૭
મો. ૯૪૨૭૧૪૫૧૯૯
૯૪૨૬૨૫૫૫૨૦



સહસાવન (ગિરનાર) તીર્થોદ્ધારક
પ.પૂ.આ. હિમાંશુસૂરીશ્વરજી મહારાજા,
સિદ્ધાંત દિવાકર
સુવિશાલ ગચ્છાધિપતિશ્રી
પ.પૂ.આ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા,
ગિરનાર તીર્થોત્કર્ષ પ્રણેતા,
ભવોદધિતારક ગુરૂદેવશ્રી
પ.પૂ.પં. ચન્દ્રશેખર વિજયજી ગણિવર્ય તથા
ગિરનાર તીર્થમહિમા ઉપદેશક
પ.પૂ.આ. ધર્મરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની
ઉપકારસ્મૃતિ નિમિત્તે
ગચ્છાધિપતિ, પ્રશાંતમૂર્તિ
પ.પૂ.આ. રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના
કરકમલમાં સાદર અર્પણ

# ✳ અનુક્રમ ✳


| | |
|---|---|
| ૧. પાપોના ભણકારા | ૧ |
| ૨. એકરારનામું | ૭ |
| ૩. જ્ઞાનાતિચાર | ૧૦ |
| ૪. દર્શનાતિચાર | ૧૩ |
| ૫. ચારિત્રાતિચાર | |
| ક – પ્રાણાતિપાત (હિંસા) | ૨૧ |
| ખ – મૃષાવાદ (જૂઠ) | ૨૫ |
| ગ – અદત્તાદાન (ચોરી) | ૨૫ |
| ઘ – અબ્રહ્મચર્ય (મૈથુનાદિ) | ૨૬ |
| ચ – પરિગ્રહ (સંગ્રહ) | ૨૯ |
| છ – દિગ્પરિમાણ | ૨૯ |
| જ – ભોગોપભોગ | ૩૦ |
| ઝ – અનર્થદંડ | ૩૨ |
| ટ – સામાયિક | ૩૪ |
| ઠ – દેશાવગાસિક | ૩૫ |
| ડ – પૌષધોપવાસ | ૩૫ |
| ઢ – અતિથિ સંવિભાગ | ૩૭ |
| ૬. તપાતિચાર | ૩૮ |
| ૭. વીર્યાતિચાર | ૪૦ |
| ૮. વિશેષ અતિચાર | ૪૨ |


# પાપોના ભણકારા...

હું !
અનંતજ્ઞાન ! અનંતદર્શન ! અનંત ચારિત્ર !
આદિ ગુણોનો સ્વામી !
સચ્ચિદાનંદ – શુદ્ધસ્વરૂપી આત્મતત્ત્વનો સ્વામી !
ચૌદરાજલોકની ઉચ્ચતમ સપાટીએ
સિદ્ધશીલા ઉપર બિરાજમાન થવાની
યોગ્યતા ધરાવતો ભવ્યાત્મા !

**કર્મસંયોગે**

અનાદિકાળના ભવભ્રમણ દરમ્યાન અનંતા
જન્મ–મરણના વિષચક્રમાં અથડાયો–કૂટાયો !
પરમતારક તીર્થંકર પરમાત્માની કરુણાધારામાં ભીંજાતા
મહાપુણ્યે આ માનવદેહ ! આર્યદેશ ! અને
જિનાજ્ઞાપાલક માતા–પિતાનું સાન્નિધ્ય પામ્યો !
પણ... પણ... પણ...

મોહરાજાનો હિસાબ હજુ ચૂકતે થયો ન હોવાથી મને પાછો તેની ઝાળમાં ફસાવી દીધો !

બાલ્યાવસ્થાથી જ કુમિત્રોના સંગ અને કુતૂહલવૃત્તિના જાગરણથી હું ગંદાનિમિત્તોમાં ફસાયો !

અસદ્પ્રવૃત્તિઓ દ્વારા જીવનસફરને કલંકીત કરવાની પરંપરાનો પ્રારંભ થયો !

મોહરાજાના સામ્રાજ્યથી પાંચઈન્દ્રિયોના

વિષયની વાસનાઓની અગનઝાળમાં ભડભડ થઈ બળવા લાગ્યો !

માનસિક વિકૃત્તિઓએ માઝા મૂકી !

શારીરીક શૌર્ય-શક્તિ અને સત્ત્વ ક્ષીણ થવા લાગ્યા !

હું મોહાંધ ! રાગાંધ ! કામાંધ બન્યો !

આજે હું બહાવરો બન્યો છું !

હું પાગલ બની ગયો છું !

મને કોઈ દિશા સુઝતી નથી !

હું ક્યાં જાઉં ?કોનું શરણું લઉં ? મારા પાપો ?

મારા દુ:ખો ? કોની સમક્ષ પ્રગટ કરું ?

હું મારા દુ:ખો કરતાં તો મેરુપર્વત જેટલા

મારા પાપોના ઢગલા નીચે ચગદાય ગયો છું !

આજે હું અત્યંત ગુંગાણામણનો અનુભવ કરું છું !

હું કુટીલ છું ! હું કલંકીત છું ! હું અભાગીયો છું !

હું નફ્ફટ અને નાલાયક છું !

હું પાપી છું ! હું અધમ છું ! હું અધમાધમ છું !

મારા કરેલા એક એક પાપોનું સ્મરણ આજે મારા મગજ

ઉપર હથોડાની માફક વાગ્યા કરે છે !

હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન,

માયા, લોભ વગેરે અઢારે પાપસ્થાનકોમાંથી મેં

કોઈ એક પણ પાપ કરવામાં બાકી નથી રાખ્યું.

મારા પાપોના ફળ સ્વરૂપે મળનારી સજાની કલ્પનાના

ભણકારાથી આજની એક એક ક્ષણ મને

બેચેન બનાવી દે છે !

અનંતા દુ:ખોથી ઉભરાતી દુર્ગતિઓ !

કેટલા લાચાર એ પશુઓના-ભૂંડના અવતારો !



કેટલી અસહ્યએ ઘોર-ભયંકર નરકની વેદનાઓ !

આજે મારા સમસ્ત જીવનની કાળી કીતાબ

નજર સામે તરવરે છે ! મારા પાપોની ભાવયાત્રા જોઈને હું ધ્રુજી ઉઠુ છું !

મારા હૃદયના ધબકારા વેગવંતા બન્યા છે ! કણ જેટલા ભૌતિક સુખો માટે કરેલા મણ જેટલા પાપો યાદ આવે છે ! અને ભવાંતરમાં આવનારા ટન જેટલા દુ:ખોની કલ્પના માત્ર હાંફળો-ફાંફળો બનાવી દે છે !

પરમાધામીઓ મારા હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, વિશ્વાસઘાત, રાગ-દ્વેષ વગેરેના પાપોને યાદ કરાવી કરાવી ઘોર ભયંકર અંધકારમાં દુર્ગંધથી ખદબદતી નરકમાં એક એક સજા ફટકારશે તે કેમ સહન થશે ?

એરકન્ડીશન અને કુલરની ઠંડકની મોજ માણતો મારો દેહ નરકની અસહ્ય વેદના કેવી રીતે સહન કરશે ?

કલ્યાણમિત્રો-ગુરુભગવંતો વગેરે દ્વારા અનેકવાર નિવારવા છતાં નિષેધ કરવા છતાં અવારનવાર રાત્રિભોજન, કાંદા-બટાટા વગેરે કંદમૂળ, અભક્ષ્ય એવી ચાઈનીઝ, વેસ્ટર્ન, પંજાબી, સાઉથ ઈન્ડીયનડીશો તથા માંસભક્ષણના ભોજન કરતાં હું અટક્યો નથી તો હવે પરમાધામીઓ દ્વારા મારો દેહ કપાશે ! ભેદાશે ! છેદાશે ! અરે ! ધગધગતા તેલની કઢાઈમાં તળાશે !

અરે ! શીંગચણા ભૂંજાતા હોય તેમ રેતીની કઢાઈમાં ભૂંજવામાં આવશે ! તે કારમી વેદનાઓ કેમ સહન થશે ?

પરમાધામી મારા જ દેહના ટૂકડા કરી કરી પરાણે મારા જ મોમાં નાખી મને ખવડાવશે તે કેમ સહન થશે ?

થમ્સઅપ, કોકાકોલા, માઝા, પેપ્સી, સોડા લેમન આદિ ઠંડા પીણા તથા બીયર, બ્રાન્ડી, વ્હીસ્કી આદિ માદકપીણાની મોજ ઉડાવી તેના બદલામાં પરમાધામી સીસાનો ગરમાગરમ રસ પીવડાવશે તે કેમ સહન થશે ?

તમાકુ, માવા, ગુટકા, બીડી, સીગારેટ, હૂકા વગેરે વ્યસનોની મસ્તી માણી છે તેનો હિસાબ ચૂકવવા પરમાધામી ધગધગતી અગનના ગોળાઓ મારા મોં માં નાખશે તે કેવી રીતે સહન થશે ?

ટીવી, વીડીયો, ચેનલ, ઈન્ટરનેટ, મોબાઈલ, વોટ્સએપ, ફેસબુક, ચેટીંગ આદિએ મારા જીવનને પાયમાલ કરી દીધું !

ભોગલંપટ બનીને નિર્દોષબાળાઓ, કોલેજની ગર્લફ્રેન્ડ, ઓફીસ ગર્લ, આડોશપાડોશની બેન-દીકરીઓ, અરે ! મારા કુટુંબ-પરિવારની પરણિત અને અપરણિત બેન, સાળી, ભાભી વગેરે જ્યાં વિજાતીય તત્ત્વ દેખાય ત્યાં મારી શિકારી દૃષ્ટિએ ભાન ગુમાવ્યું છે અને તે બધા સાથે જે દુર્વ્યવહાર, કુચેષ્ટા, ભોગસુખો ભોગવી અબ્રહ્મના દુષ્ટપાપો આચરેલા છે તેના બદલામાં મારા તે તે પાપોને યાદ કરાવી જ્યારે પરમાધામી મને લોખંડની ધગધગતી અત્યંત રૂપવાન દેખાતી લાલપૂતળી સાથે ચુંબન કરાવશે ! આલિંગન કરાવશે ! ત્યારે તે અત્યંત દારુણ દાહ કેમ સહન થશે ?

**ઓ ગુરુદેવ ! ઓ ગુરુદેવ !**

**બચાવો ! બચાવો ! મને બચાવી લો !**

આજે મને મારા પાપોની સજાના ભણકારાનો પ્રચંડનાદ બેચેન બનાવી રહ્યો છે !

**ગુરુદેવ ! મને બચાવી લો !**

આજે હું મારા સઘળા પાપો જે જે રીતે !
જે જે વ્યક્તિઓ સાથે ! જે જે મનના ભાવો અને
પરિસ્થિતિમાં કર્યા છે તેનું અક્ષરે અક્ષર વર્ણન કરીને
મારા પાપોનું એકરારનામું લખી આપવા હું તૈયાર છું !

**ગુરુદેવ !**

હવે હું મારા જીવનમાં કરેલા કોઈપણ પાપોને છુપાવવા માંગતો નથી ! જે રીતે નિર્લજ્જ બનીને જીવનમાં બેફામ બનીને પાપાચાર સેવ્યો છે તે જ રીતે નિર્લજ્જ બનીને.

**ઓ ગુરુદેવ !**

આજે આપની સમક્ષ આ પાપોની શુદ્ધિ કરવા ઉપસ્થિત થયો છું ! કોઈના ઉપર દયા ખાધા વગર જે રીતે કઠોર બનીને ઘોર પાપો કર્યા છે તે રીતે ઓ ગુરુદેવ ! આપ પણ મારી લેશ માત્ર દયા ખાધા વગર મને કઠીનમાં કઠીન સજા ફટકારજો ! જેથી મલીન એવો મારો આત્મા શુદ્ધ બને!

**ઓ ગુરુદેવ !**

આપ જે કોઈ તપ, જપ, સ્વાધ્યાય, ભક્તિ વગેરે પ્રાયશ્ચિત આપશો તે વહેલામાં વહેલા વાળી આપવાના દૃઢ સંકલ્પ સાથે આજે ઉપસ્થિત થયો છું, આપ કૃપાળુ એ સુચન કરેલ બાબતોને જીવનમાં આત્મસાત્ કરી પ્રભુવીરના શાસનમાં મળેલા આ દુર્લભ માનવભવને સાર્થક કરવા ચાહુ છું. હવે હું વહેલામાં વહેલા શાંતિ-સમાધિ-સદ્ગતિ અને સિદ્ધપદને ચાહું છું.

**ઓ ગુરુદેવ !**

હવે પરોક્ષ રીતે જિનેશ્વર પરમાત્મા ! અને પ્રત્યક્ષ રીતે આપના ચરણનું જ શરણ છે ! હવે આપ જ મારા ઉગારક છો ! આ ભવ અટવીમાંથી તારક છો !

**શત શત વંદન હો તીર્થંકર પરમાત્માઓને !**

જેઓએ દુર્લભ એવી આ પાપોના પ્રક્ષાલનની પ્રાયશ્ચિતવિધિ બતાવીને અનંતકાળના ભવભ્રમણમાં ફેંકી દેનારી દુર્ગતિને અટકાવી દીધી !

**ઓ ગુરુદેવ !**

મારા પાપોનો ખૂલ્લા દિલે એકરાર કરી આત્મશુદ્ધિ કરવાની આપની આ અમૂલ્યપ્રેરણા આપીને આપ આજે મારા ભવોભવની માતા બની ગયા છો ! આપના આ

❖ **ગુરુમા !**

હવે આ ભવઅટવીમાં ક્યારેય તરછોડશો નહીં !

❖ **વંદન હો તે જિનશાસનને !**

જેના મહાપ્રતાપે આજે હું પ્રશ્ચાતાપ અને પ્રાયશ્ચિતની લાખેણી ક્ષણોને માણવા માટે ભાગ્યશાળી બન્યો !

❖ **વંદન હો તે મહાત્માઓ તથા પુણ્યાત્માઓને !**

જેઓએ જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલ આ આલોચના અને પ્રાયશ્ચિતની પરંપરાને જીવંત રાખીને અહીં સુધી પહોંચાડી !

સમગ્ર ધરતીને કોઈ ધનવાન્ માણસ શિખરબંધી દેરાસરોથી ભરી દે અને તે જે અશુભકર્મક્ષય કરે અથવા પુણ્યકર્મનો બંધ કરે તેનાથી પણ વધુ કર્મક્ષય અને પુણ્યનો બંધ સદ્ગુરુપાસે નિર્લજ્જ બનીને નિખાલસભાવે પોતાના જીવનમાં થયેલા તમામ પાપોની વિગતવાર આલોચના કરનાર મહાન પુણ્યાત્મા કરે છે.



## એકરારનામું

અનાદિકાળના ભવભ્રમણ દરમ્યાન અનંતા જન્મ-મરણ કરતાં કરતાં જીવ કોઈ અશુભકર્મોના ઉદયના પ્રતાપે બાલ્યાવસ્થાથી કુસંગ, અસદ્વાંચન, કુનિમિત્ત આદિ નબળા આલંબનથી પોતાના જીવનની સ્વચ્છ ચાદરને પાપની પ્રવૃત્તિઓ દ્વારા વારંવાર ખરડીને રસોડાના મેલામસ મસોતા જેવી બનાવી દે છે !

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એવો પણ આત્મા જ્યાં સુધી કર્મસહિત છે ત્યાં સુધી આવું વારંવાર બન્યા કરે તેમાં કોઈ નવાઈ નથી. અરે ! ખૂદ તીર્થંકર પરમાત્માનો આત્મા પણ પોતાના પૂર્વભવોમાં બાંધેલા મોહનીયકર્માદિના ઉદયના અવસરે મોહરાજાને શરણે ચાલ્યા ગયા હતા.

જ્યાં સુધી આ જીવ છદ્મસ્થ અવસ્થામાં છે ત્યાં સુધી આવી અસદ્પ્રવૃત્તિઓ કરી બેસે તે સાવ સહજ છે. પરંતુ તે જીવ આવી અસદ્પ્રવૃત્તિઓ થયા બાદ પણ આત્મજાગૃતિ સાથે પશ્ચાતાપપૂર્વક સદ્ગુરુના શરણમાં તે તે અસદ્પ્રવૃત્તિઓની આલોચના કરવા દ્વારા આત્મશુદ્ધિ કરે તે મહા આશ્ચર્ય અને દુષ્કર છે.

મહાનિશીયસૂત્ર નામના છેદગ્રંથમાં જણાવ્યા મુજબ કેટલાક આત્માઓ ગુરુભગવંત સમક્ષ આલોચના કરતાં કરતાં કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે, કેટલાક આત્માઓ ગુરુભગવંત પાસે અલોચના કરવા માટે પહોંચતાની સાથે કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે, કેટલાક આત્માઓ ગુરુભગવંત પાસે આલોચના કરવા આવતાં માર્ગમાં જ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે, કેટલાક આત્માઓ આલોચના કરવા ઉભા થતાં જ અથવા ડગમાંડવા જતાં જ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે, કેટલાક આત્માઓ પશ્ચાતાપપૂર્વક આલોચના કરવાનો

વિચાર કરવા માત્રથી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે. માટે...

**હે આત્મન્ !**

હવે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર એક નોટબૂક અને પેન લઈ તારા જીવનમાં થઈ ગયેલા પાપોની વણઝારને અક્ષર સ્વરૂપે લખી નાંખ ! તારા જીવનમાં થઈ ગયેલા પાપોની સ્મૃતિ કરાવવા માટે આ પુસ્તકમાં દર્શાવેલા વિવિધ પાપોના મુદ્દાઓ તને ખૂબ સહાયરૂપ બનશે.

હવે કોઈપણ જાતની માયા, કપટ, ક્ષોભ કે સંકોચની લાગણી રાખ્યા વગર અત્યંત મૃદુ અને નિખાલસ ભાવથી કેવા પાપો કર્યા ? કોની સાથે ? કેવા સંજોગમાં ? કેવા ભાવથી ? કેટલીવાર ? થયા તે યાદ કરી કરીને કોઈપણ પાપ છુપાવ્યા વગર શક્યતઃ વિસ્તારથી લખીને કોઈને બતાવ્યા વગર તારા પાપોનું એ એકરારનામું ધીર, ગંભીર, દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાનુસાર નિરતિચાર ચારિત્રપાલક, સૂત્રાનુસાર શુદ્ધિપ્રરૂપક તથા પોતાના વડીલ-પૂજ્યો દ્વારા ભવ-આલોચનાનું પ્રાયશ્ચિત આપવા માટે અધિકૃત કરાયેલા એવા સંવિગ્ન-ગીતાર્થ ગુરુભગવંતના હસ્તકમલમાં મૂકી તારા પાપોના ભારથી હળવો થઈ જા !

આ આલોચના લખીને આપતાંની સાથે જ વર્ષોથી તારા હૈયાના એકખૂણામાં ખૂંચી રહેલી પાપોના ભારની અસહ્યવેદનાથી તારી મુક્તિ થશે ! અભૂતપૂર્વ આનંદની અનુભૂતિ થશે ! વળી જ્યારે નરકમાં પરમાધામીઓ દ્વારા થનારી ઘોર-ભયંકર સજાને માત્ર સોયની સજામાં રૂપાંતર કરીને ગુરુભગવંત દ્વારા પ્રાયશ્ચિતદાન થશે ત્યારે તારો મનમયૂર આનંદોલ્લાસથી નાચી ઉઠશે.

બસ ! ત્યારબાદ વહેલામાં વહેલા તે પ્રાયશ્ચિતપૂર્ણ કરવાનો પુરુષાર્થ માંડી દે જે ! અનેક પ્રકારના વ્રત-નિયમની પ્રતિજ્ઞા કરીને ગુરુભગવંતે ચીંધેલા માર્ગાનુસાર તારી જીવનનૈયાને આગળ ચલાવી ભવપાર ઉતારી દે જે !



શુદ્ધ થયેલો આતમ ફરી મલીન ન થાય તે માટે સાવધ રહેજે અને છતાં કોઈ અશુભકર્મોદયે જો કોઈ પાપ પ્રવૃત્તિ થઈ જાય તો અવસરે અવસરે ગુરુભગવંત પાસે જઈ તે પાપોની શુદ્ધિ કરતો રહેજે !

જીવનમાં થઈ ગયેલા પાપાદિ અતિચાર દોષોનો સદ્ગુરુ સમક્ષ એકરાર કરી ભવઆલોચના કરવી તે તો આધ્યાત્મિક સિદ્ધિના શિખરોને સર કરવાનું પ્રથમ પગથિયું છે.

જીવનના નંદનવનમાં ખીલેલા આધ્યાત્મિક આરાધનાના પુષ્પોની સાચી મહેકને (શાંતિ-સમાધિ) માણવા ચાહતા હો તો પ્રથમ આ જીવે આ જ ભવના ભૂતકાળમાં ઉભા કરેલા અઢારપાપસ્થાનકરૂપી અસદ્પ્રવૃત્તિના ઉકરડાને સાફ કરવો અતિ આવશ્યક છે

**અન્યથા**

જીવનમાં હજારો આધ્યાત્મિક આરાધનાના પુષ્પો ખીલ્યા હોવા છતાં તે આરાધનારૂપી પુષ્પોની મહેક (શાંતિ-સમાધિ) માણવાને બદલે ઉકરડાની દુર્ગંધની (અશાંતિ-અસમાધિ) જ અનુભૂતિ થયા કરશે.

# જ્ઞાનાતિચાર

૧. અકાળે ભણ્યા. અકાળ એટલે સૂર્યોદયની ૪૮ મિ. પહેલાં અને સાંજે સૂર્યાસ્ત પછી ૪૮ મિ., મધ્યાહ્ને પુરિમુડ્ઢની પહેલા અને પછી ૨૪-૨૪ મિ.
૨. ગુરુ તેમજ જ્ઞાનનો વિનય ન કર્યો, બહુમાન રહિત ભણ્યા.
૩. ઉપધાન કર્યા વગર સૂત્રનું અધ્યયન કર્યું.
૪. સૂત્રનો અર્થ જેવો હતો તેવો ન કહ્યો પરંતુ બીજી રીતે કહ્યો.
૫. પ્રમાદ આદિને કારણે જ્ઞાનના સાધનો પુસ્તકાદિ ન ભણ્યા.
૬. કાગળ વગેરે બાળ્યાં.
૭. છાપા/કાગળમાં આહાર/નિહાર કર્યા અને એના ઉપર બેઠા.
૮. પુસ્તક, નવકારવાળી વગેરેને પગ લાગ્યો, લગાડ્યો અથવા ફેંક્યા.
૯. થૂંકથી અક્ષર ભૂસ્યો અને જ્ઞાનના સાધનોને થૂંક લગાડ્યું.
૧૦. નવકારવાળી ખોવાઈ ગઈ અથવા તૂટી ગઈ, ફેંકી, હાથમાંથી પડી ગઈ.
૧૧. ભણવામાં કોઈને અંતરાય કર્યો અને કાગળ પર સૂતા.
૧૨. જ્ઞાનની નિંદા કરી અને જ્ઞાનદાતાનું નામ છુપાવ્યું, તેમની નિંદા કરી.
૧૩. જ્ઞાનના ઉપકરણ તૂટ્યાં અથવા પુસ્તકો પસ્તીમાં વેંચ્યાં.
૧૪. એંઠા મોઢે બોલ્યા.
૧૫. અક્ષરવાળા કપડા પહેર્યાં.



૧૬. અક્ષરવાળી વસ્તુ ખાધી.
૧૭. અશુદ્ધ હાથેથી જ્ઞાનના સાધનો પકડ્યાં.
૧૮. જ્ઞાનના સાધનો નષ્ટ કર્યાં.
૧૯. જ્ઞાન અને જ્ઞાની ઉપર દ્વેષ કર્યો.
૨૦. ઋતુકાળમાં પુસ્તક હાથમાં લીધું અને ભણ્યા.
૨૧. વાચનાદાતા (અધ્યયન કરાવનારા ગુરૂ) ને વંદન ન કર્યું.
૨૨. જ્ઞાનદ્રવ્યનો દુરૂપયોગ કર્યો અથવા નાશ થવા છતાં ઉપેક્ષા કરી.
૨૩. સૂત્રનો અર્થ જાણવા છતાં છુપાવ્યો અને યથાર્થ ન કર્યો.
૨૪. ઉત્સૂત્ર બોલ્યા.
૨૫. પાઠશાળાના શિક્ષક, સ્કૂલ-કોલેજના પ્રાધ્યાપકનું અપમાન કર્યું, તેમની મશ્કરી કરી.
૨૬. ઘડીયાળ, નોટ, પુસ્તક આદિ જ્ઞાનના સાધનો ખીસ્સામાં રાખી સંડાસ-બાથરૂમ ગયા.
૨૭. સૂત્રોના અક્ષરો વધારે અથવા ઓછા બોલ્યા.
૨૮. તોતડા, બોબડાને જોઈ મશ્કરી કરી.
૨૯. ફટાકડા ફોડ્યા અથવા તે જોવા ઉભા રહ્યા, તેમાં આનંદ માન્યો.
૩૦. કાગળથી વિષ્ટા સાફ કરી.
૩૧. પુસ્તકાદિને ગુસ્સામાં પછાડ્યાં.
૩૨. પુસ્તકાદિ કાગળીયા રસ્તામાં રખડતાં નાંખ્યા, અથવા ખાઈમાં ફેંક્યાં.
૩૩. અક્ષરવાળા વાસણમાં જમ્યા.
૩૪. ગરમીમાં કાગળના પૂંઠા આદિથી પવન નાંખ્યો.
૩૫. જ્ઞાનપૂજન આદિ બોલીના પૈસા ભર્યા નહીં, મોડા ભર્યા.
૩૬. સૂતા સૂતા પુસ્તકો વાંચ્યા.

૩૭. જ્ઞાન ભણીને ભૂલ્યા. (પુનરાવૃત્તિ ન કરી.)
૩૮. પુસ્તક ખુલ્લા મૂકી બહાર ગયા.
૩૯. જ્ઞાનનું અભિમાન કર્યું.
૪૦. અધિક જ્ઞાનવાળાની ઈર્ષ્યા કરી.
૪૧. પુસ્તકો ઉપરથી કે દૂરથી ફેંક્યા.
૪૨. કોઈને ન આપવાના હેતુથી પુસ્તક સંતાડ્યા કે ન આપ્યા.
૪૩. જ્ઞાન ભણાવવામાં ઉત્સાહ ન બતાવ્યો.
૪૪. જરૂર વગરના અક્ષરો લખ્યા, ભૂંસ્યા.
૪૫. કાગળના પડીકા બાંધ્યા.
૪૬. કોઈના ચાળા પાડયા.
૪૭. નામવાળા વાસણ અંતરાયમાં વાપર્યા.
૪૮. ચાલતાં-ચાલતાં પુસ્તક વાંચ્યાં.
૪૯. જમતાં-જમતાં ભણ્યા.
૫૦. પ્લાસ્ટીકની નવકારવાળી વાપરી.

ધન્ય છે તે આત્માઓને જેઓ સર્વ પાપોની શુદ્ધિ કરીને સંસારરૂપી સાગરને, કૂદકો મારીને કૂદી જવાય તેવું ખાબોચિયુ બનાવી દે છે.



## દર્શનાતિચાર

૧. ભગવાનના વચનમાં શંકા કરી.
૨. અન્ય દર્શનની અભિલાષા (ઈચ્છા) કરી.
૩. અન્ય દર્શનની પ્રભાવના આદિ જોઈ તેને સારું માન્યું.
૪. ધર્મના ફળમાં સંશય (શંકા) કર્યો.
૫. સાધુ સાધ્વીની નિંદા કરી.
૬. દેવ-ગુરુ ધર્મની નિંદા કરી.
૭. બીજાની ધાર્મિક આરાધનાની પ્રશંસા ન કરી.
૮. બીજાને સમકિતથી ચલાયમાન કર્યા, ધર્મ નિરર્થક માન્યો.
૯. ગુણવાનની નિંદા કરી.
૧૦. ગુરુ, ગ્લાન, નૂતનદીક્ષિત, સાધર્મિક, બાલ, વૃદ્ધ વગેરેની સેવાભક્તિ ન કરી.
૧૧. શક્તિ હોવાં છતાં પણ શાસનની પ્રભાવના ન કરી.
૧૨. મિથ્યાત્વી, કુતીર્થી, અન્ય લિંગીની પ્રશંસા કરી અને તેની ભક્તિ કરી.
૧૩. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગીનો પરિચય કર્યો.
૧૪. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગીની સાથે રહ્યાં અને તેમનું પરિપાલન કર્યું.
૧૫. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગી પર મમત્વ રાખ્યું.
૧૬. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગીને સૂત્રાર્થ આપ્યો.
૧૭. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગી પર દષ્ટિરાગ કર્યો.
૧૮. પ્રમાવદશ દેવગુરુને વંદન ન કર્યું.
૧૯. દોરા-ધાગા કરનાર શિથિલ સાધુ, પાર્શ્વસ્થાદિને ગુરુ માન્યા અને આહાર વગેરે આપ્યો.
૨૦. પ્રતિમાજી પ્રમાદથી હાથમાંથી પડી ગયા.
૨૧. પ્રતિમાજીની સાથે વાળાકુંચી, ધુપિયું, કળશ આદિ

અથડાયા.

૨૨. અશુદ્ધ વસ્ત્રોથી પૂજા કરી.

૨૩. વાળાકૂંચી વિશેષ પ્રકારે જરૂરત વગર પ્રતિમાજીને લગાડી.

૨૪. પ્રતિમાજીને થૂંક કે પગ અથવા પરસેવો લાગ્યો, શ્વાસ લાગ્યો, પૂંઠ પડી.

૨૫. અવિધિથી પૂજા કરી.

૨૬. પહેરેલા પોતાના કપડાનો સ્પર્શ પ્રભુ પ્રતિમાને થયો.

૨૭. પ્રતિમાજીનો નાશ કર્યો અથવા કોઇ અંગાદિ તૂટી ગયા.

૨૮. કળશ વગેરે પડી ગયા.

૨૯. કળશ વગેરેનો નાશ કર્યો અથવા તોડી નાખ્યા.

૩૦. સામર્થ્ય (શક્તિ) હોવાં છતાં પણ તુચ્છ (હલકા) દ્રવ્યોથી પૂજા કરી.

૩૧. પૂજા કરવા જતા ચંપલ આદિનો ઉપયોગ કર્યો.

૩૨. પુરુષોએ સીવેલા કપડાં પૂજા કરતાં પહેર્યાં.

૩૩. જમીન પર અથવા પ્રતિમા પરથી નીચે પડી ગયેલાં ફૂલો ફરી ચઢાવ્યાં.

૩૪. દેવદ્રવ્યથી ખરીદેલ અશન, વસ્ત્ર, સુવર્ણાદિનો ઉપભોગ કર્યો.

૩૫. સૂક્ષ્મ રીતિથી દેવદ્રવ્યનો ઉપયોગ કર્યો.

૩૬. સાધર્મિકની સાથે અપ્રીતિ કરી.

૩૭. દેરાસરમાં તાંબુલ, પાન, આહારાદિ વાપર્યાં (ખાદ્યાં).

૩૮. દેરાસરમાં પાણી પીધું.

૩૯. દેરાસરમાં વિલાસ, હાસ્ય, નિંદા અને કલહ કર્યો.

૪૦. દેરાસરમાં પેશાબ આદિ કર્યું.

૪૧. દેરાસરમાં ઘરના વેપાર આદિ વિષે વાર્તાલાપ કર્યો.

૪૨. દેરાસરમાં ઋતુ (M.C.) આવી અથવા ગભારામાં ઋતુ આવી.

૪૩. તીર્થના દેરાસરમાં ઋતુ (M.C.) આવી.

૪૪. શત્રુંજય આદિ પર્વત પર ઋતુ (M.C.) આવી.

૪૫. શત્રુંજય આદિ પર્વત પર પેશાબ-સ્થંડિલ આદિ કર્યું.

૪૬. ભગવાનના દર્શન કરવા જઇ રહેલાને રોક્યા અથવા નિષેધ કર્યો.

૪૭. દેરાસર કે જિનપૂજા ન કરવાની પ્રતિજ્ઞા લીધી કે આપી.

૪૮. દેરાસરમાં ફક્ત કલા, કોતરણી આદિ જોવાના ઈરાદાથી ગયા અને ભગવાનને હાથ ન જોડ્યા.

૪૯. શત્રુંજયાદિ તીર્થ પર જઈને પણ ભગવાનને હાથ ન જોડ્યા.

૫૦. જિનેશ્વર ભગવાનના દર્શન-પૂજન ન કરવા જોઈએ એવો આશય (ઈરાદો) રાખ્યો અને બીજાને એવી ખોટી શિખામણ આપી.

૫૧. દેવદ્રવ્યની ઉછામણી રકમ જલ્દી ન ભરી.

૫૨. ચામર, આરીસા વગેરે તોડી નાંખ્યા.

૫૩. દેવદ્રવ્ય મોડું ભરપાઈ કર્યું અને વ્યાજ ન આપ્યું.

૫૪. એંઠા મોઢે દેરાસર ગયા.

૫૫. દેરાસરમાં ઊલ્ટી થઈ.

૫૬. શત્રુંજય ઉપર થૂંક, શ્લેષ્મ વગેરે નાખ્યું.

૫૭. આરાધના કરતા ઈચ્છિત ફળ ન મળતા અશ્રદ્ધા કરી.

૫૮. દેવદર્શન પૂજાદિનો નિયમ લઈને ભંગ કર્યો.

૫૯. ગુરુવન્દનનો નિયમ લઈને ભંગ કર્યો.

૬૦. ચૈત્યવંદન કરવાનું ભૂલી ગયા અથવા ન કર્યું.

૬૧. સાધુ મહારાજને વંદન ન કર્યા.

૬૨. રસ્તામાં ગુરુદેવ મળ્યા, તે વખતે મત્થએણ વંદામિ ન કર્યું.
૬૩. પર્વતિથિઓમાં ચૈત્ય પરિપાટી (ગામના દરેક જિનમંદિરના દર્શન) જિનદર્શન ન કર્યા અથવા અન્ય ઉપાશ્રયોમાં રહેલા મુનિઓને વંદન ન કર્યા.
૬૪. મુનિની પાસે પુત્રને વ્યવહારિક અભ્યાસ કરાવ્યો.
૬૫. મુનિની પાસે રોગનું નિદાન કરાવ્યું.
૬૬. મુનિની પાસે પુત્રાદિને રમાડવા, રડતો હોય તો તાળી પાડીને ચૂપ રખાવવા કર્યું.
૬૭. મુનિની પાસે ઘરનું કામ વગેરે કરાવ્યું.
૬૮. મુનિની પાસે રક્ષાપોટલી, મંત્ર, યંત્રાદિ કરાવ્યા.
૬૯. મુનિની વસ્તુ (મુહપત્તિ, દંડાસન, સૂપડી, પેન આદિ) લીધી, ઉપયોગ કર્યો અથવા વેચી દીધી.
૭૦. મુનિ દ્વારા વસ્તુની લે-વેચ કરાવી.
૭૧. પુરુષો સાધ્વીજીની પાસે ભણ્યા.
૭૨. સાધ્વીજીની પાસે અથવા તેમના દ્વારા કંઠી, ચરવળા, માળા, ફૂમતા આદિ બનાવડાવ્યું.
૭૩. પોતે શ્રાવક હોવા છતાં પણ સાધુ પાસે શરીર દબાવડાવ્યું અથવા પગ વગેરે ધોવડાવ્યા.
૭૪. ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ થયું/કર્યું.
૭૫. સાધુ-સાધ્વીજી ઉપર સ્નેહરાગની દૃષ્ટિ આદિ નાંખી.
૭૬. કુચારિત્રી દેખી ચારિત્ર ઉપર અભાવ હુઓ.
૭૭. દેરાસરમાં વાછૂટ થઈ.
૭૮. સંઘના કાર્યમાં વિઘ્ન નાંખ્યું.
૭૯. ગુરુદેવને પોતાનો પગ લાગ્યો અથવા થૂંક, શ્વાસાદિ લાગ્યાં.
૮૦. ગુરુદેવની સામે રોષપૂર્વક બોલ્યા અથવા કડવા શબ્દ કહ્યાં.



૮૧. ગુરુદેવના આસનને પગ લાગ્યો.
૮૨. વડીલ સાધુનો ઉપર્યુકત (ઉપર મુજબ) અવિનય કર્યો.
૮૩. સંઘ, આચાર્ય, ઉપાધ્યાયાદિ પર દ્વેષ કર્યો કે નિન્દા કરી.
૮૪. ગુરુદ્રવ્યનો ઉપભોગ કર્યો.
૮૫. ગુરુદ્રવ્યનો નાશ કર્યો, બચાવમાં શક્તિ હોવા છતાં પણ ઉપેક્ષા કરી.
૮૬. મુનિનું અન્નાદિ ખાદ્યું અથવા પાણી પીધું.
૮૭. મુનિના વસ્ત્રાદિનો ઉપયોગ કર્યો.
૮૮. સ્થાપનાચાર્ય સ્થાપ્યા વિના ક્રિયા કરી.
૮૯. સ્થાપનાચાર્યને પગ લાગ્યો.
૯૦. સ્થાપનાચાર્ય પડી ગયા.
૯૧. સ્થાપનાચાર્યની આશાતના કરી, પૂંઠ પડી.
૯૨. સ્થાપનાચાર્યનો નાશ કર્યો.
૯૩. સ્થાપનાચાર્ય ખોવાઈ ગયા.
૯૪. અવિધિથી સ્થાપના સ્થાપી.
૯૫. સ્થાપના કરેલા સ્થાપનાચાર્ય હલી ગયા.
૯૬. સ્થાપના કરેલા સ્થાપનાચાર્ય પડી ગયા અથવા પગાદિ લાગ્યા.
૯૭. મિથ્યાત્વ ક્રિયારૂપ હોમ, વિધાનાદિ કર્યા, કરાવ્યા.
૯૮. સ્થાપનાચાર્યનું પડિલેહણ ન કર્યું.
૯૯. શીતળા માતા, ઘંટાકર્ણ, ભૈરવ, હનુમાન, સંતોષી મા, સાંઈબાબા, નાગદેવતા આદિની માનતા કરી કે કરાવી અથવા કરનારને સારા માન્યા કે સારા કહ્યા.
૧૦૦. નદી, કુંડ આદિમાં પિતા વગેરેને જલાંજલિ આપી.
૧૦૧. શ્રાદ્ધકાર્ય કર્યું.
૧૦૨. બારસ આદિ મિથ્યા પર્વતિથિ કરી.
૧૦૩. મિથ્યાત્વીના તીર્થો પર ઉત્સવાદિ કર્યા કે કરાવ્યા.

૧૦૪. મિથ્યાત્વીના તીર્થો પર સ્નાનાદિ કર્યું કે કરાવ્યું.
૧૦૫. વૃક્ષ (તુલસી આદિ) નું આરોપણ કર્યું.
૧૦૬. મિથ્યાદષ્ટિના તીર્થ પર ગયા.
૧૦૭. મિથ્યાદષ્ટિ તીર્થોના જીર્ણોદ્ધાર આદિ કરાવ્યા, તેના મંદિર બનાવ્યા.
૧૦૮. મિથ્યાદષ્ટિ દેવોની પૂજા અને અર્ચના કરી.
૧૦૯. હોળી, રક્ષાબંધન, નાગપંચમી, શીતળાસાતમ, ધનતેરસ આદિ મિથ્યાત્વી પર્વ માન્યા.
૧૧૦. જાણકાર હોવા છતાં નિષ્કારણે સાધુને આધાકર્મી આદિ આહાર વહોરાવ્યો.
૧૧૧. નવરાત્રિ રમવા ગયા, જોવા ગયા.
૧૧૨. સડેલા ફળો ભગવાનને ચઢાવ્યા.
૧૧૩. ઘરની કુળદેવીની પૂજા કરી, નૈવેદ્ય કર્યું.
૧૧૪. સર્વ ધર્મને સરખા ગણ્યા.
૧૧૫. રામલીલા, ગણપતિ જોવા ગયા.
૧૧૬. બળતાં રાવણને જોવા ગયા.
૧૧૭. હોળી જોઈ, હોળીના ગીતો ગાયા, ધૂળેટી રમ્યા.
૧૧૮. શત્રુંજયાદિ તીર્થોમાં અભક્ષ્ય ખાધું.
૧૧૯. શત્રુંજયાદિ પર્વત ઉપર દહીં, અભક્ષ્યાદિ ખાધું.
૧૨૦. શત્રુંજયાદિ તીર્થોમાં રાત્રિભોજન કર્યું.
૧૨૧. શત્રુંજય પર્વત પર ચંપલ આદિ પહેર્યા.
૧૨૨. દેરાસરમાં શરીરમાંથી નીકળેલું લોહી નાંખ્યું.
૧૨૩. દેરાસરમાં પિક્ચરના રાગમાં સ્તવનો ગાયા.
૧૨૪. દેરાસરમાં આંખ, કાન, નખ, ચામડી આદિનો મેલ ઉતાર્યો.
૧૨૫. દેરાસરમાં ખાવા-પીવાદિના વિચાર કર્યા.
૧૨૬. દેરાસરમાં પગ પર પગ ચઢાવ્યા અથવા જેમ તેમ બેઠા.
૧૨૭. દેરાસરમાં નિંદા કરી.



૧૨૮. દેરાસરમાં ભૂલથી પગરખા, છત્રી આદિ લઈ ગયા.
૧૨૯. દેરાસરમાં પ્રતિમાજીના કે ધજાના દર્શન થતાં બે હાથ જોડી ' નમો જિણાણં ' ન બોલ્યા.
૧૩૦. દેરાસરમાં ખભે ખેસ ન નાંખ્યો.
૧૩૧. દેરાસરમાં રમત રમ્યા.
૧૩૨. દેરાસરમાં પલાઠી વાળી.
૧૩૩. દેરાસરમાં પગ પર લાગેલી ધૂળ ઝાટકી.
૧૩૪. દેરાસરમાં મોટેથી સ્તવન ગાયા.
૧૩૫. દેરાસરમાં ઊંઘ આવી અથવા ઝોકાં ખાધાં.
૧૩૬. ઘર દેરાસરમાં પૂજા કે આરતી રહી ગઈ.
૧૩૭. ભગવાનની ત્રિકાળ પૂજા ન કરી.
૧૩૮. દેરાસરમાં મિઠાઈ વગેરે જોઈ વાપરવાની ઈચ્છા થઈ.
૧૩૯. બાળપણમાં અજ્ઞાનતાથી દેરાસરની પીપરમેંટ, નૈવેદ્ય આદિ ખાધું.
૧૪૦. આંગી પર રાગદ્વેષ કર્યો.
૧૪૧. ઘરે ગોચરી આદિ અર્થે પધારેલ સાધુ કે સાધ્વીજી વિ. નો વિનય-સત્કાર ન કર્યો, ઊભા ન થયા.
૧૪૨. મિથ્યાદર્શનના ગીત સારા લાગ્યા, ગાયા, કેસેટો સાંભળી.
૧૪૩. પૂજારીને ભગવાનની ભક્તિમાં અંતરાય કરીને પોતાના કામ માટે બોલાવ્યા અથવા પોતાનું કામ ભળાવ્યું.
૧૪૪. સાધુ-સાધ્વીજી ભ. ના મલિન વસ્ત્ર-ગાત્ર દેખી દુગંછા ઉપજાવી.
૧૪૫. દિવસ દરમ્યાન ભગવાનના દર્શન ન કર્યા.
૧૪૬. વાપરવા પહેલા ભગવાનના દર્શન ન કર્યા.
૧૪૭. મુખકોશ બાંધ્યા વગર ગભારામાં ગયા.
૧૪૮. આઠ પડવાળો મુખકોશ ન બાંધ્યો.

૧૪૯. ગભારામાં અગ્રપૂજા કરી.
૧૫૦. ધર્મ કે ધર્મ કરનારની ઠેકડી ઉડાડી.
૧૫૧. ધર્મઃઅનુષ્ઠાન કરવામાં (દીક્ષા લેવામાં, નવ્વાણુ, ઉપધાન આદિ કરવામાં) અંતરાયભૂત થયા.
૧૫૨. માતા-પિતા-વડિલોનો અવિનય કર્યો.
૧૫૩. પૂજાના કપડા અતિશય મેલા કે પરસેવાવાળા પહેર્યા.
૧૫૪. અંતરાયમાં ભગવાનનું નામ બોલ્યા.

न हु सुज्झई ससल्लो जह भणिअं सासणे घुअरयाणं ।
उद्धरिअसव्वसल्लो सुज्झइ जीवो धुअकिलेसो ॥
(व्य. सू. २२९)

જિનેશ્વર પરમાત્માના શાસનમાં કહ્યું છે કે "પાપશલ્યથી યુક્ત એવો આત્મા શુદ્ધિ પામતો નથી પરંતુ જે સર્વકષાયોને દૂર કરી સર્વ પાપશલ્યોનો ઉદ્ધાર કરે છે તે જીવ જ શુદ્ધિને પામે છે."

तं न खमं खु पमाओ मुहुत्तमवि चिट्ठिउं ससल्लेणं ।
आयरिअपायमूले गंतूण समुद्धरे सल्लं ॥
(नि. भा. ६३०९)

તેથી જીવનમાં થયેલા પાપાતિચારનું આલોચન કરવામાં પ્રમાદથી એક મુહૂર્ત્ત માત્ર પણ વિલંબ ન કરતાં સદ્ગુરુના શરણે જઈ પાપાતિચારરૂપી શલ્યનો ઉદ્ધાર કરવા યોગ્ય છે.



# ચારિત્રાતિચાર

## ❖ ક - પ્રાણાતિપાત (હિંસા)

૧. સામાયિક આદિમાં પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિનો સંઘટ્ટો થયો.
૨. સામાયિક આદિમાં પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરોનો ગાઢ સંઘટ્ટો થયો.
૩. સામાયિક આદિમાં પાંચ સ્થાવરનો નાશ કર્યો.
૪. સામાયિક આદિમાં અનંતકાય વિકલેન્દ્રિય (૨-૩-૪ ઈન્દ્રિય) નો સંઘટ્ટો કે પીડા પહોંચાડી.
૫. સામાયિક આદિમાં પંચેન્દ્રિયનો સંઘટ્ટો થયો કે પીડા પહોંચાડી.
૬. સામાયિક આદિમાં પંચેન્દ્રિયનો નાશ કર્યો.
૭. સામાયિક આદિમાં જોરદાર વરસાદના છાંટા લાગ્યા કે વરસતાં વરસાદ માં ગયા.
૮. અળગણ પાણી વાપર્યુ (સ્નાનાદિ કર્યુ) કે પીધું.
૯. અળગણ પાણી ગરમ કર્યું.
૧૦. અળગણ પાણી વ્યાપારાદિ કાર્ય માટે વાપર્યુ.
૧૧. ખારું-મીઠું પાણી ભેગું કર્યું. કાચું-પાકું પાણી ભેગું કર્યું.
૧૨. પાણીના જીવો (ગાળ્યા પછી) જ્યાં ત્યાં ફેંકી દીધા કે સૂકવી નાંખ્યા.
૧૩. છિદ્રવાળી જમીન અથવા ખાલી કૂવા, ખાળ આદિમાં સ્નાનનું પાણી કે ગરમ પાણી વહેવડાવ્યું.
૧૪. પૂંજ્યા-પ્રમાર્જ્યા વગર લાકડા આદિ ચૂલામાં નાંખ્યા.
૧૫. છાણ વાસી રાખ્યું.
૧૬. ત્રસ આદિ જીવસહિત અનાજ દળ્યું.
૧૭. માંકડ સહિત ખાટલો, પલંગ, ગાદી વગેરે તડકામાં રાખ્યા.

૧૮. ચકલી આદિના માળા તોડ્યા કે તૂટ્યા કે ઈંડા ફોડ્યા.
૧૯. પ્રસૂતિ થઈ.
૨૦. પ્રસૂતિ આદિ કાર્ય કરાવ્યું કે તેની પાસે રહ્યા.
૨૧. ગર્ભપાત કર્યો કે કરાવ્યો.
૨૨. ગર્ભપાત સારો માન્યો કે તેની પ્રેરણા કરી.
૨૩. ઉધઈ આદિના ઘરો નષ્ટ કર્યા.
૨૪. સડેલું ધાન્ય ખાંડ્યું, દળ્યું, ભરડાવ્યું કે તડકામાં રાખ્યું.
૨૫. ઉકરડા સળગાવ્યાં.
૨૬. ખેતર ખેડ્યાં.
૨૭. ખેતરમાં લોભથી ગાય આદિ બાંધ્યા.
૨૮. ઘંટી, સાંબેલા, ચૂલા આદિનો જોયા વગર ઉપયોગ કર્યો.
૨૯. નવા ચૂલા બનાવ્યા.
૩૦. જળો મૂકાવી.
૩૧. પશુ આદિનો વધ કર્યો.
૩૨. ઘાસ આદિ પર બેઠા કે ચાલ્યા કે નિગોદનો સંઘટ્ટો થયો.
૩૩. રાત્રિમાં સ્નાન કર્યું.
૩૪. તળાવ આદિમાં કપડાં વગેરે ધોયા અને સ્નાન કર્યું.
૩૫. વાળમાંથી જૂ, લીખ વગેરે કાઢીને વિરાધના કરી.
૩૬. અતિભારનું આરોપણ કર્યું.
૩૭. નિર્ધ્વંસ પ્રવૃત્તિ કરી.
૩૮. બહાર જગ્યા હોવાં છતાં કે ન હોવાથી સંડાસમાં જાજરૂપેશાબ ગયા, બાથરૂમમાં સ્નાનાદિ કર્યું.
૩૯. કૃમિ (અળસીયા) નો નાશ કર્યો કે ઔષધાદિ દ્વારા કરાવ્યો.
૪૦. ઘણા પાણીથી સ્થાન, વસ્ત્ર ધોવા વગેરે કાર્ય કર્યું.
૪૧. ગટરમાં પાણી નાંખ્યું.
૪૨. ન્હાતી વખતે સાબુ વાપર્યો.
૪૩. ઈંડા ફોડ્યા, આમલેટ કે ચિકન ખાધાં.
૪૪. નળ ચાલુ રાખી કપડાં ધોયાં.



૪૫. હિંસક ચરબીવાળા શેમ્પુ, સાબુ વાપર્યા.
૪૬. મનુષ્યને માર માર્યો કે હાથ પગ તોડ્યા.
૪૭. અનેક જીવોને મારવાનો વિચાર કર્યો.
૪૮. બાળક આદિને માર્યા.
૪૯. નોકર આદિને ભોજન મોડું કરાવ્યું.
૫૦. જીવનાશ માટે ઝેરી દવા વાપરી.
૫૧. ઊંદરડા આદિને પાંજરામાં પૂર્યા કે પૂંછ વગેરે કપાઇ ગઇ.
૫૨. ઊંદરડા આદિને યોગ્ય સ્થાને ન છોડ્યા.
૫૩. મોટરકારથી માનવ, જાનવર વગેરેનું એકસીડેન્ટ થયું.
૫૪. કૂતરા, બીલાડા, પોપટ આદિ પાળ્યા.
૫૫. રાજાનો ઘાત કર્યો.
૫૬. ગામ સળગાવ્યું.
૫૭. વર્ષાઋતુમાં ઢાંક્યાં વગર દીવો સળગાવ્યો અથવા ઘણી લાઈટો ચાલુ રાખી.
૫૮. જૂ આદિના નાશ માટે દવા આદિનો પ્રયોગ કર્યો અથવા મસ્તક તડકામાં તપાવ્યું.
૫૯. મુઠ્ઠી વાળીને ઉડતી માખીને મારી.
૬૦. ડી.ડી.ટી. પાવડર વગેરે છંટાવીને જીવ-જંતુ માર્યા.
૬૧. તેવી જ રીતે મચ્છર વગેરે માર્યા.
૬૨. નખ દ્વારા જૂ આદિ મારી.
૬૩. તીક્ષ્ણ દાંતીયા-કાસકીથી જૂ આદિ કાઢી.
૬૪. વિકલેન્દ્રીય (૨-૩-૪ ઈન્દ્રિયવાળા) જીવોનો દરમાં નાશ કર્યો અથવા તેને બહાર કાઢી નાશ કર્યો.
૬૫. લક્ષ્મણરેખા વગેરે ચોક બનાવ્યા કે વાપર્યા, કીડી આદિ તેનાથી મરી.
૬૬. પ્રસૂતિ પછી નાળછેદ કર્યો.
૬૭. પંચેન્દ્રિય પર પ્રહાર કર્યો અથવા નીચે પડ્યા.
૬૮. વાસી ભોજનાદિ રાખ્યા કે કર્યા.
૬૯. પશુવધાદિ કર્યો.
૭૦. જળક્રીડા કરી, સ્વીમિંગ પૂલમાં ગયા.

૭૧. પંપ, કૂવો ખોદાવ્યો.
૭૨. વીંછી, વાંદાદિ પકડ્યા કે માર્યા.
૭૩. મધપૂડો પડાવ્યો.
૭૪. નદી, તળાવ, ખેતરમાંથી સિંગોડા, ટામેટા આદિ લાવ્યા.
૭૫. મોટા ઝાડ કપાવ્યાં.
૭૬. ગાર્ડન વગેરે કરાવ્યા તેમાં ઘાસ કપાવ્યું/કાપ્યું.
૭૭. એસીડથી સંડાસાદિ સાફ કર્યા.
૭૮. ઈલેક્ટ્રીક ભઠ્ઠી, ઘરઘંટી, વોશિંગ મશીન, હીટર, એરકંડીશન, ઈસ્ત્રી, રેફ્રીજરેટર, લીફ્ટ, એરકુલર, પંખા, લાઈટ, ગેસ, માચીસ, ચૂલા, વોશર, સગડી આદિ વાપર્યા.
૭૯. કતલખાનામાં પૈસાદિની સહાય કરી.
૮૦. ગાય-ભેંસાદિ બાંધ્યા.
૮૧. મકાન ચણાવ્યા અથવા ફર્નીચર કરાવ્યું.
૮૨. ભમરીના ઘર તોડ્યાં.
૮૩. બાળપણમાં કુતૂહલવૃત્તિથી ઉડતી માખી પકડીને છોડી.
૮૪. ફૂવારા નીચે નાહ્યા.
૮૫. કાંસકી આદિથી જૂ કાઢતાં મરી.
૮૬. એંઠા ગ્લાસ, પવાલા વગેરે ઘડામાં નાખ્યા.
૮૭. નાના બાળકોને સંડાસ આદિમાં પૂર્યા.
૮૮. નાના બાળકોને દોરી આદિથી બાંધ્યા.
૮૯. બાફુળા રાંધ્યા.
૯૦. ચાલુ પંખામાં ચકલી-કબૂતરાદિ મર્યા.
૯૧. સંડાસ બાથરૂમ બંધાવ્યા.
૯૨. એઠાં કપ, રકાબી, થાળી આદિ વાસણો ૪૮ મીનિટ ઉપરાંત રાખ્યા.
૯૩. કૂવો ખોદાવ્યો.
૯૪. વાસી મલાઈ રાખી.
૯૫. શાવર બાથથી નાહ્યા.
૯૬. સ્વીમીંગ પુલ કે વોટર પાર્કમાં નાહ્યા.



૯૭. પીવાનો એઠોં ગ્લાસ માટલામાં બોળ્યો.
૯૮. એઠીં થાળી ધોઈને ન પીધી.

### ❖ ખ - મૃષાવાદ (જૂઠ)

૧. ક્રોધ, ભય, લોભ કે હાસ્યથી અસત્ય બોલ્યા.
૨. પાંચ રીતે મોટા જૂઠ બોલ્યા : (૧) જમીન (૨)કન્યા (૩) ગાય આદિ વિષે અસત્ય બોલ્યા (૪)બીજાની રાખેલી અનામતની કબુલાત ન કરી (થાપણ ઓળવી) (૫) ખોટી સાક્ષી આપી.
૩. સ્ત્રી આદિની ગુપ્ત વાતો જાહેર કરી.
૪. ખોટા ચોપડા લખ્યા.
૫. મર્મ વચન કહ્યા.
૬. કોઈકને ખોટા પાડવા ખોટી સલાહ આપી.
૭. ચાડી ખાધી.
૮. કલહ કર્યો.
૯. ખોટું કલંક લગાડ્યું, શાકિની (ડાકણ) વગેરે કહ્યું અથવા ધન વગેરે મળ્યું છે, એવું ખોટું બોલ્યા.
૧૦. શ્રાપ આપ્યો.
૧૧. દસ્તાવેજ પર અક્ષર વધતો-ઓછો લખ્યો.
૧૨. રાજકુળ (કોર્ટ) સુધી કલંક પહોંચાડ્યો.
૧૩. અયોગ્ય રીતે કોઈને દંડ આપ્યો.
૧૪. વંચનાથી (ઠગીને) કોઈને મારી નંખાવ્યા.
૧૫. અયોગ્ય રીતે કલંકાદિ આપીને મારી નંખાવ્યા.
૧૬. ધર્મ લોપાય (નાશ પામે) તેવા વચનો કહ્યા.
૧૭. ૧૫ દવસ, ૧ માસ, ૪ મહિના કે ૧ વર્ષ સુધી ક્રોધ વગેરે રાખ્યા.
૧૮. ભગવાન આદિના સોગંદ ખાધાં.
૧૯. નાની-નાની વાતોમાં નિષ્ઠુરપણે જૂઠ બોલ્યા.
૨૦. નારદ પ્રકૃતિથી કલહ કરાવ્યો.

### ❖ ગ - અદત્તાદાન (ચોરી)

૧. પોતાના ઘરમાં જધન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ચોરી કરી,

જાણતાં છતાં કલહાદિ કર્યો.
૨. પ્રભાવના બે વાર લીધી.
૩. બીજાના ઘરમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ચોરી કરી.
૪. વિશ્વાસઘાત કર્યો.
૫. ભયંકર ક્રૂરતાથી ચોરી કરી.
૬. કર (ટેક્ષ), જકાત (ઓક્ટ્રોય)ની ચોરી કરી.
૭. ખોટા માપ તોલ કર્યા.
૮. ભેળસેળ કર્યા.
૯. મોટી ચોરી કરી.
૧૦. સ્કૂલમાં કે ધાર્મિક પરીક્ષામાં ચોરી કરી.
૧૧. વગર ટિકીટે મુસાફરી કરી.
૧૨. દાણચોરી કરી કે પ્રોત્સાહન આપ્યું.
૧૩. લાંચ લીધી કે લાંચ આપી કામ કરાવ્યા.
૧૪. ચોર પાસેથી વસ્તુ ખરીદી.
૧૫. બીજાને ઠગ્યા.
૧૬. સારી વસ્તુ દેખાડી હલકી આપી.
૧૭. રસ્તામાં પડેલી વસ્તુ, નોટો, ઘરેણાં રાખી લીધાં.
૧૮. ખેતરમાંથી ફળ-ફૂલ-શાકભાજીની ચોરી કરી.
૧૯. દેવ/ગુરૂ/સાધારણ દ્રવ્ય ખાતાના રકમની ચોરી કરી.
૨૦. ઘરમાં કોઈનાથી છાનુ ખાધું.
૨૧. સાસરામાં કબાટ વિ. માંથી કપડાં, પૈસા, દાગીના વગેરે છૂપી રીતે લાવ્યાં અને રાખ્યાં.
૨૨. છેતરપિંડી કરી.
૨૩. સ્કૂલમાં પેન, પેન્સિલ, રબ્બર આદિની ચોરી કરી. બીજાની ટિકીટ, પાસ વગેરેથી મુસાફરી કરી.

### ❖ ઘ - અબ્રહ્મચર્ય (મૈથુનાદિ)

૧. સહસાત્કારથી સ્વસ્ત્રી (સ્વ પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૨. પ્રમાદથી સ્વસ્ત્રી (સ્વ પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૩. જાણીને સ્વસ્ત્રી (સ્વ પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.



૪. એકાએક વેશ્યા (પર પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૫. પ્રમાદથી વેશ્યા (પર પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૬. જાણી જોઈને વેશ્યા (પર પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૭. ગર્લફ્રેન્ડ-રખાત (પર પુરુષ/બોય ફ્રેંડ) રાખ્યા.
૮. અન્યની ગર્લફ્રેન્ડ-રખાત (પર પુરુષ/અન્યનો બોય ફ્રેંડ) નો પરિભોગ કર્યો.
૯. કોલેજ જીવનમાં પ્રેમના સંબંધ બાંધ્યા.
૧૦. કોલેજ જીવનના પ્રેમમાં સ્પર્શ આદિ કર્યા, ગિફ્ટ આદિ આપ્યા.
૧૧. કોલેજ જીવનમાં પ્રેમમાં અંતરાય.....વર્ષ પાળી નહીં.
૧૨. બન્નેની સંમતિપૂર્વક ભોગ કર્યો.
૧૩. કોલગર્લ બોલાવી કુચેષ્ટા કરી, વેશ્યાનું સેવન કર્યું. (અનિયમ હોવાથી)
૧૪. વેશ્યાનું સેવન કર્યું. (નિયમ હોવા છતાં)
૧૫. હાસ્યાદિમાં વ્રતભંગ કર્યો.
૧૬. સ્વપ્નમાં શીલભંગ કર્યો.
૧૭. સજાતીય વ્રતભંગ કર્યો.
૧૮. ઉત્તમજાતિની સ્ત્રીનો પ્રમાદથી ભોગ કર્યો.
૧૯. તિર્યંચસંબંધી વ્રતભંગ કર્યો.
૨૦. સ્વ કે પર પુરુષ સાથે મુખ કે હસ્તમૈથુન (હસ્ત ક્રિયા) કરી.
૨૧. પર સ્ત્રીના હૃદયનો સ્પર્શ કર્યો કે સ્તન દબાવ્યા.
૨૨. ઢીંગલા-ઢીંગલીના વિવાહ કર્યા, ઢીંગલા-ઢીંગલી ગુંથ્યા.
૨૩. તીવ્ર રાગદષ્ટિથી જોયું.
૨૪. તીવ્ર રાગદષ્ટિથી પરસ્ત્રીને ચુંબન કે આલિંગન કર્યું.
૨૫. તીવ્ર રાગદષ્ટિથી હાસ્યાદિ કર્યું કે આંગળી આદિથી કુચેષ્ટા કરી.
૨૬. મૈથુનાદિ તીવ્ર અશુભ ચિન્તા કરી કે સ્તનપાન આદિ કર્યા.

૨૭. પરસ્ત્રી (પર પુરુષ) ના મુખ, સ્તન કે ગુપ્ત અંગોનો સ્પર્શ કર્યો.
૨૮. સૃષ્ટિ વિરૂદ્ધ કર્યું.
૨૯. વર-કન્યાનો વિવાહ કર્યો, બીજાના વિવાહ કર્યા, વર-વહુ શોધ્યા.
૩૦. શીલપાલનમાં વિઘ્ન નાખ્યું અથવા બીજાના શીલભંગ માટે વ્યવસ્થા કરી.
૩૧. કુમાર કે કુમારી અવસ્થામાં શીલભંગ થયું કે કર્યું.
૩૨. વિધવાનો ઉપભોગ કર્યો કે બળાત્કાર કર્યો.
૩૩. ફાઈવસ્ટાર આદિ હોટલોમાં પર સ્ત્રીઓને બોલાવી કે કુચેષ્ટાઓ કરી.
૩૪. વાસનાને ઉત્તેજિત કરવા કમ્પ્યુટર, ટી.વી., વિડિયો ક્લીપિંગ, ઈન્ટરનેટ, બ્લ્યુ ફિલ્મ, મોબાઈલ ફોન, વિદેશ યાત્રા, કમ્પ્યુટરમાં મારામારી, જુગાર ક્રિકેટ બેટીંગ વગેરે રમત રમ્યા.
૩૫. સ્ત્રીના ચિત્રો રાગથી જોયા.
૩૬. કામોત્પાદક નવલકથા વાંચી.
૩૭. તિથિના દિવસે અબ્રહ્મનું સેવન કર્યું, નિયમ લઈને ભાંગ્યા.
૩૮. કામચેષ્ટા કરી કે શીખવાડી.
૩૯. દેરાસર ઉપાશ્રય આદિમાં કે બસ, ટ્રેન આદિમાં ગિરદીનો લાભ ઉઠાવી સ્ત્રીને અડવા પ્રયત્ન કર્યો.
૪૦. સગીબેન આદિ સાથે છેડતી કરી, એકાન્તનો લાભ ઉઠાવ્યો.
૪૧. સિનેમા, ટી.વી. આદિ જોઈને ઉત્તેજિત થયા.
૪૨. અશુભ માનસિક વિચાર કર્યા. (તે બધા વિચાર લખી દેવા.)
૪૩. ફિલ્મીસ્તાન, બ્લ્યુ અને સેક્સબુક્સ, ચીટચેટ, પોર્નોગ્રાફીક મેગેઝીનો આદિ વિલાસી વાંચન કર્યું, એવી ખરાબ ફિલ્મો, નાટકો જોયા.
૪૪. બીજાના સગપણ, રીસેપ્શન આદિમાં રસપૂર્વક ભાગ લીધો.



૪૫. પ્રણીત (અતિશય ઘી, તેલ વાળો) આહાર વાપર્યો.
૪૬. અતિમાત્રામાં (પ્રમાણથી અધિક) આહાર લીધો.
૪૭. ડાન્સપાર્ટી, ક્લબ, પબમાં ગયા.
૪૮. પૂર્વક્રીડાનું સ્મરણ કર્યું.
૪૯. તીર્થોની ધર્મશાળામાં અબ્રહ્મ સેવ્યું.
૫૦. સ્ત્રી બેઠી હોય ત્યાં ૪૮ મિ. પહેલા પુરુષ બેઠા અથવા પુરુષ બેઠા હોય તે જગ્યાએ સ્ત્રી ૯ કલાક પહેલા બેઠી.
૫૧. હોટલમાં પાર્ટી વગેરેની ગોઠવણ કરી હુક્કા બારમાં ગયા.
૫૨. વિભૂષા કરી.
૫૩. ઉદ્ભટ વેષ પહેરી મોજશોખ કર્યા.

## ❋ ચ - પરિગ્રહ (સંગ્રહ)

૧. અજાણતા પરિગ્રહનો નિયમ ભંગ કર્યો.
૨. જાણીને પરિગ્રહનો નિયમ ભંગ કર્યો.
૩. એકાએક પરિગ્રહનો નિયમ ભંગ કર્યો.
૪. પરિગ્રહ ઉપર મૂર્ચ્છા કરી.
૫. પરિગ્રહ વધતાં આનંદ આવ્યો.
૬. પરિગ્રહને વધારવા વેપારમાં અનીતિ કરી.
૭. વૈરભાવ રાખ્યો, ખમાવ્યા નહીં.
૮. ખમાવવા છતાં અંદરથી ગાંઠ રાખી.
૯. ધન, ધાન્ય ક્ષેત્ર, વાસણો, પશુઓ વગેરે ૯ ચીજોનો પરિગ્રહનો નિયમ ન કર્યો.
૧૦. ધન આદિની વહેંચાણીમાં ઓછું મળવાથી દ્વેષ કર્યો.
૧૧. વિશ્વાસઘાત કરીને હરામનું ધન પચાવ્યું.
૧૨. શેરોની લે-વેંચ કરી, સહીઓ કરી.
૧૩. પરિગ્રહનો નિયમ રાખ્યો નહીં.

## ❋ છ - દિગ્પરિમાણ

૧. જળમાર્ગે કે આકાશમાં તિર્ચ્છું, ઉંચે કે નીચે ગમન કર્યું કે થયું, નિયમથી વધારે ગમન કર્યું.

૨. દિશા પરિમાણનો ભંગ કર્યો.
૩. એક દિશાને ઓછી કરી બીજી દિશા વધારી.
૪. વર્ષાકાળે વેપાર આદિ માટે બહારગામ ગયા.
૫. ભૂલી જવાથી અધિક ક્ષેત્રમાં ગયા.

## ❖ જ - ભોગોપભોગ

૧. સૂર્યાસ્ત સમયે લગભગ વેળાએ ભોજન કર્યું.
૨. નિષ્કારણે રાત્રિમાં ભોજન કર્યું.
૩. કારણે રાત્રિમાં ભોજન કર્યું.
૪. જાણીને માંસ, દારૂ, મધ, માખણ, બળી વગેરેનું ભક્ષણ કર્યું.
૫. અજાણતાં માંસ, દારૂ, મધ વગેરેનું ભક્ષણ કર્યું.
૬. સડેલી વનસ્પતિ વગેરેનું ભક્ષણ કર્યું.
૭. બોળ અથાણું વગેરેનું ભક્ષણ કર્યું.
૮. દ્વિદળ-કાચા દૂધ, દહીં આદિમાં કઠોળ (દાળ, પાપડ) ભેળવીને ખાધું.
૯. સોળ પહોર (બે રાત્રિ) પછીનું દહીં ખાધું.
૧૦. દારૂ ન પીવાના નિયમનો ભંગ કર્યો.
૧૧. નિયમ નહોતો અને અભક્ષ્ય મધ વગેરેનું ભક્ષણ કર્યું.
૧૨. અનંતકાય કે અભક્ષ્યના નિયમનો ભંગ કર્યો.
૧૩. ચૌદ નિયમનો ભંગ કર્યો, યોગ્ય સંક્ષેપ ન કર્યો.
૧૪. કર્માદાન કર્યા કે કરાવ્યા.
૧૫. ભોગોપભોગ પરિમાણનું અતિક્રમણ (ઓળંગી જવું) કર્યું.
૧૬. ભોગોપભોગ પરિમાણથી વધારે રાખ્યું.
૧૭. હથિયાર, મહાવિગઈ, સાબુ, ભાંગ આદિનો વેપાર કર્યો.
૧૮. હિમ, વિષ, ઓળા, કરા, આઈસ્ક્રીમ, ગોળા, કુલ્ફી, બરફ આદિ ખાધા.
૧૯. કોકાકોલા વગેરે ઠંડાપીણા, બિસલરી, સોડા, પેપ્સી આદિ અળગણ પાણી પીધા.
૨૦. ચોવિહાર, તિવિહાર આદિ પચ્ચક્ખાણ લીધા પછી ઉલ્ટી થઈ.
૨૧. વાસી ચલિતરસનું ભોજન કર્યું. (ચલિતરસ એટલે જેના વર્ણરસાદિ બદલાઈ ગયા હોય)
૨૨. આદુ, મૂળા, ગાજર આદિ કંદમૂળનું ભક્ષણ કર્યું.
૨૩. આદુવાળી ચા પીધી કે ચા માં આદુ નંખાવ્યું.
૨૪. નિયમ હોવા છતાં પણ કંદમૂળનું ભક્ષણ કર્યું.
૨૫. રોટલી આદિ વાસી રાખી કે ખાધી અથવા ખવડાવી.
૨૬. અચિત્તજળ-ગરમ પાણીના નિયમો પ્રમાદથી ભંગ કર્યા.
૨૭. અચિત્ત જળના નિયમ નો જાણીને ભંગ કર્યો.
૨૮. મકાન આદિ નવા બનાવ્યા.
૨૯. મીલ-કારખાના, ટ્રાન્સપોર્ટ વગેરેનો વ્યાપાર કર્યો.
૩૦. પૂંજયા વગર સ્ટવ, ચૂલા પ્રગટાવ્યા.
૩૧. એક્ટર, એક્ટ્રેસ, મીસ વર્લ્ડ, સીંગર, ક્રિકેટર થવાનો પ્રયત્ન કર્યો કે મન થયું.
૩૨. કંદમૂળનું શાક બનાવીને આપ્યું.
૩૩. પીલુ, પીચુ, ખસખસ, અંજીર વગેરે બહુ બીજ વાળી વસ્તુઓ ખાધી.
૩૪. અજાણ્યા ફળ ખાધાં.
૩૫. સચિત્ત ખાધું.
૩૬. ઘી, ગોળ, છાશ વિ. ના ભોજન ઉઘાડા મૂક્યા.
૩૭. વાસી માખણ તપાવ્યા.
૩૮. રંગકામ કર્યું કે કરાવ્યું.
૩૯. બજારું બિસ્કીટ, ચોકલેટ, બ્રેડ, કેક, કેડબરી, ચિંગમ, પાઉંભાજી, સેંડવીચ, પીઝા, ચાઈનીઝ વગેરે આઈટમો ખાધી.
૪૦. ઓપરેશનાદિ કરાવ્યા.
૪૧. બ્લડ, યુરીન ટેસ્ટ કરાવ્યા, એક્સરે, સોનોગ્રાફી આદિ કરાવી.
૪૨. ઈંજેક્શન લીધાં, ગ્લુકોઝ, લોહીના બાટલા ચઢાવ્યા.

૪૩. મકાન ભાડે આપ્યા, મકાનના પાયા ખોદાવ્યા.
૪૪. ગાડી, સ્કુટર વિ. વાહનોનો ધંધો કર્યો.
૪૫. કેરોસીન, પેટ્રોલ, લાકડાના વેપાર કીધા.
૪૬. સોની, લુહાર, લોખંડ વગેરેના મોટા ભઠ્ઠા ચલાવ્યા.
૪૭. લીલી મકાઈ, ઘઉં, ચણાં, મગફળી વગેરે શેકીને, બાફીને વાપર્યા.
૪૮. મેગી, બટર, ચીઝ, પનીર, નુડલ્સ, પીઝા વાપર્યા.
૪૯. આર્દ્રા નક્ષત્ર પછી કેરી વાપરી.
૫૦. ફાગણ ચોમાસાબાદ ભાજી પાલો, કોબી, કોથમરી આદિ વાપર્યા.
૫૧. વાસી માખાણ તાવ્યા.
૫૨. ચોમાસામાં પાપડ, મેવા આદિ વાપર્યા.

## ❖ ઝ - અનર્થદંડ

૧. અનર્થદંડ વિરમણનો ભંગ કર્યો.
૨. શત્રુઘાત, રાજ્યની પ્રાપ્તિ, ગામનો ઘાત, આગ લગાડવાની વૃત્તિ થઈ અથવા પ્રવૃત્તિ કરી.
૩. પોતાને વિદ્યાધર આદિ થવાની ઈચ્છા આદિ દુર્ધ્યાન કર્યું.
૪. બળદો પર દમન કર્યું (જુલમ ગુજારવો) ખેતરો ખેડવા., ગાડી ચલાવવી આદિ પાપોપદેશ આપ્યો.
૫. હળ, યંત્ર, ચૂલા, સગડી, ગેસ, મિક્સર આદિ હિંસક વસ્તુઓ આપી.
૬. સિનેમા, રેડિયો, ટેલિવિઝન, ચેનલ, ઈન્ટરનેટ, વી.સી.આર., કમ્પ્યુટર, મોબાઈલ આદિ રાખ્યા, જોયાં કે સાંભળ્યા.
૭. છરી, ચપ્પુ, સોય, કાતર આદિ ખોવાયા.
૮. કામણ, ટુમણ (વશીકરણ) આદિ કર્યા કે કરાવ્યા.
૯. સરોવર આદિનું શોષણ કરાવ્યું.
૧૦. સરકસ, નાટક આદિ જોયા.
૧૧. સિનેસ્ટાર આદિ ફીલ્મી મેગેઝીન, પોસ્ટર રાગથી જોયા.



૧૨. એક્ટર, એક્ટ્રેસની એક્શન કરી.
૧૩. લોટરીની ટિકીટ ખરીદી.
૧૪. કોઈકની ઋદ્ધિ જોઈને તેની ઈચ્છા કે ઈર્ષ્યા કરી.
૧૫. અષ્ટમી, ચતુર્દશી આદિ તિથિએ ખાંડવા, દળવાતણા નિયમ ભાંગ્યા.
૧૬. કજીયો કરાવ્યો અને અબોલા લીધા.
૧૭. ગાય, ભેંસ, કૂતરા આદિને હેરાન કર્યા, માર્યા, હાંક્યા.
૧૮. જુગાર રમ્યા.
૧૯. બીડી, સિગારેટ, હેરોઈન, ચરસ, ગાંજો, હુકા વગેરે પીધા.
૨૦. પાનપરાગ, તમ્બાકુ, ગુટકા ખાધાં.
૨૧. વિકથા કરી. (ભક્તકથા, રાજકથા, દેશકથા, સ્ત્રીકથા)
૨૨. શતરંજ, કેરમ, ક્રિકેટ, કબ્બડી, હોકી વગેરે રમ્યા કે જોયા.
૨૩. નપુંસક આદિનો વિવાહ કરાવ્યો.
૨૪. બ્રાન્ડી, વ્હીસ્કી, બિયર વગેરે પીધા.
૨૫. જોરથી અટ્ટહાસ્ય કર્યું.
૨૬. પુરુષ-સ્ત્રીના હાવભાવ, રૂપ, શૃંગાર વખાણ્યા.
૨૭. પારકી પંચાત નિંદા કરી.
૨૮. ચાડીયાપણું કીધું.
૨૯. ભાઈ-ભાભી, દેરાણી-જેઠાણી આદિને લડાવ્યા.
૩૦. તલવાર, સાંબેલું, ઘંટી, ગ્રાઈન્ડર વગેરે આપ્યા.
૩૧. બળદગાડી, ઊંટગાડી, ઘોડાગાડી, ગાડી, સ્કુટરાદિમાં બેઠાં, ચલાવ્યા, અનુમોદના કરી.
૩૨. હોટલમાં ખાધું, ટેસ્ટ આવ્યો.
૩૩. ટી.વી.માં મેચ રસપૂર્વક જોઈ, ભારત જીત્યું તો ખુશી મનાવી, પાકિસ્તાન હારે તો તાળીઓ પાડી, ફટાકડા ફોડ્યા.
૩૪. મેકઅપ, નેલપોલીસ, પફ-પાવડર, લીપસ્ટીક, બોડી સ્પ્રે, ક્રીમ આદિ શોખના સાધનોનો ઉપયોગ કર્યો.

૩૫. ઘણી નિદ્રા કીધી.
૩૬. મોજશોખ માટે હોડકા, સ્ટીમરમાં બેઠા.
૩૭. કૂતરા, બિલાડા વગેરે પશુ શોખથી પાળ્યા.
૩૮. પત્તા રમ્યા.
૩૯. વરસાદમાં શોખથી નાહ્યા.

## ❖ ૮ - સામાયિક

૧. પૌષધ કે સામાયિકમાં મુહપત્તિ ખોવાઈ ગઈ.
૨. સામાયિકમાં ચરવળો, મુહપત્તિ ૩, ૫ હાથથી વધારે દૂર થઈ ગયા. (આંતરું પડયું)
૩. ચરવળો ખોવાઈ ગયો કે તૂટી ગયો.
૪. સચિત્તાદિનો સંઘટ્ટો થયો.
૫. સામાયિકમાં વિકથા કરી.
૬. ષટ્કાયનો સંઘટ્ટો થયો કે પીડા ઉત્પન્ન થઈ.
૭. સ્ત્રીને પુરુષનો, પુરુષને સ્ત્રીનો પરસ્પર સંઘટ્ટો થયો.
૮. સ્ત્રીને પુરુષનો, પુરુષને સ્ત્રીનો અનંતર સંઘટ્ટો થયો.
૯. સામાયિકમાં વિજળી કે દીવાની ઉજેહી આવી.
૧૦. સામાયિકમાં સ્થંડિલ, પેશાબાદિ માટે સંડાસમાં ગયા.
૧૧. વેપાર અંગે સૂચના કરી.
૧૨. પુત્રાદિકને માર્યા કે સ્નેહ કર્યો.
૧૩. સામાયિક પુરું થયા વગર પાર્યું.
૧૪. સામાયિક પારવાનું ભૂલાઈ ગયું.
૧૫. સામાયિકના નિયમનો ભંગ કર્યો.
૧૬. શક્તિ હોતે છતે સામાયિક ન લીધું.
૧૭. સામાયિકમાં ફોન ઉપાડ્યો.
૧૮. ઉજેહીમાં જોઈને વંદિત્તુ, અતિચાર આદિ સૂત્ર બોલ્યા.
૧૯. સામાયિકમાં બાળકનો સંઘટ્ટો થયો.
૨૦. સામાયિકમાં મુહપત્તિ ખોવાઈ.
૨૧. સામાયિકમાં ફોન, લાઈટાદિ ચાલુ બંધ કરવા કહ્યું.
૨૨. સામાયિકમાં સેલવાળી ઘડિયાળ વાપરી.



## ❖ ૯ - દેશાવગાસિક

૧. દેશાવગાસિક વ્રત કર્યું નહિ.
૨. દેશાવગાસિક વ્રતનો ભંગ કર્યો.
૩. દેશાવગાસિક વ્રતમાં અતિચાર લગાડ્યા.
૪. નિયમ કરતાં દૂરથી વસ્તુ મંગાવી, મોકલી.
૫. રૂપ, અવાજ વગેરે કરી પોતાનું અસ્તિત્વ જણાવ્યું.

## ❖ ૧૦ - પૌષધોપવાસ

૧. ઈરિયાવહી કે ગમણાગમણે ન કર્યા અને પાણી વાપર્યું.
૨. સાંજે સ્થંડિલ અને માત્રુ પરઠવવાની જગ્યા ન જોઈ.
૩. કબાટ આદિ પૂંજ્યા-પ્રમાર્જ્યા વિના ખોલ્યા.
૪. શરીર પ્રમાર્જન કર્યા વિના ખંજવાળ્યું.
૫. પૂંજવા પ્રમાર્જવામાં ઉપયોગ ન રાખ્યો.
૬. પૂંજ્યા વિના ટેકો લઈ બેઠા.
૭. બેઠા બેઠા પ્રતિક્રમણ આદિ કર્યું.
૮. સ્ત્રી-પુરુષનો સંઘટ્ટો અનંતર કે પરંપર થયો.
૯. ષટ્કાયનો નાશ કર્યો કે પીડા ઉત્પન્ન કરી.
૧૦. ત્રણ ટંક દેવવંદન ન કર્યું.
૧૧. પૌષધમાં ઉલ્ટી થઈ.
૧૨. પૌષધમાં રાત્રે ઠલ્લે ગયા.
૧૩. પૌષધમાં ગ્લાનાદિની ભક્તિ ન કરી.
૧૪. પૌષધમાં વંદન કરીને પચ્ચક્ખાણ ન લીધું.
૧૫. પૌષધમાં વિકથા કરી.
૧૬. સાવદ્યભાષા બોલ્યા કે મુહપત્તિનો ઉપયોગ ન રાખ્યો.
૧૭. પોરિસી ન ભણાવી કે ભૂલી ગયા.
૧૮. રાત્રિમાં ૧૦૦ ડગલાથી વધારે ઉપાશ્રયની બહાર ગયા.
૧૯. અવિધિથી ગુરૂવંદન કર્યું.
૨૦. મુહપત્તિ, ચરવળો અવગ્રહ (૩.૫ હાથ) થી બહાર ગયા.

૨૧. પૌષધમાં પ્રતિક્રમણ ન કર્યું.
૨૨. પચ્ચક્ખાણ પારવું ભૂલી ગયા.
૨૩. પક્ખી, ચૌમાસી, સંવત્સરી પ્રતિક્રમણ ન કર્યું.
૨૪. અપૂર્ણ કાયોત્સર્ગ પાર્યો.
૨૫. ગુરુથી પહેલાં કાયોત્સર્ગ પાર્યો.
૨૬. કાયોત્સર્ગ ન કર્યો.
૨૭. ઘણું સામર્થ્ય હોવાં છતાં પણ થોડો જ સ્વાધ્યાય કર્યો.
૨૮. એકાસણું, આયંબિલાદિ કર્યા પછી ચૈત્યવંદન ન કર્યું.
૨૯. પૌષધમાં ઘરનો વ્યાપાર આદિ કર્યો.
૩૦. હાથ-પગ વગેરે ધોઈને શોભા કરી.
૩૧. પૌષધ મોડો લીધો, વહેલો પાર્યો.
૩૨. પૌષધમાં ઘર-કુટુંબનો વિચાર કર્યો.
૩૩. સ્થંડિલ-માત્રુ બાથરૂમમાં ગયા.
૩૪. રાત્રે દંડાસન વગર ચાલ્યા.
૩૫. રાઈ મુહપત્તિ ન કરી.
૩૬. દેરાસરનું ચૈત્યવંદન ન કર્યું.
૩૭. મુટ્ઠિસહિત પચ્ચક્ખાણ પારવું ભૂલાઈ ગયું.
૩૮. ચૂનાના પાણીના કાળનું ધ્યાન ન રાખ્યું.
૩૯. વાડામાં સ્થંડિલ ગયા.
૪૦. ગૃહસ્થના ઘરમાં પ્રવેશ વખતે જયણામંગલ ન બોલ્યું.
૪૧. કાળવેળાએ દેવ ન વાંદ્યા.
૪૨. કાજો સૂપડીમાં લઈને વોસિરાવ્યો નહિ.
૪૩. રાત્રે કાનમાં કુંડલ ન નાંખ્યા.
૪૪. કાળવેલાએ કામળી ન ઓઢી.
૪૫. પૌષધમાં એંઠુ મૂક્યું.
૪૬. અષ્ટપ્રવચન-માતાનું યથાશક્તિ પાલન ન કર્યું.
૪૭. પૌષધમાં પારણાદિકની ચિંતા કરી.
૪૮. પૌષધમાં માત્રુ આદિ પરઠવતા અણુજાણહ જસ્સુગ્ગહો ન કહ્યો, પરઠવ્યા પછી ૩ વાર વોસિરે ન કહ્યું.



૪૯. અવિધિએ સંથારો પાથર્યો.
૫૦. પૌષધ પારતાં આનંદ આવ્યો.
૫૧. પૌષધમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકોની નિંદા કરી.
૫૨. મુહપત્તિનો ઉપયોગ ન રાખ્યો.
૫૩. પર્વતિથિએ પૌષધ ન કર્યો.
૫૪. નિયમ હોવાં છતાં પણ પૌષધ ન કર્યો.
૫૫. પૌષધમાં કાજો બે વાર, ચોમાસામાં ૩ વાર લીધો નહીં.
૫૬. પૌષધમાં સ્વાધ્યાય કર્યો નહીં.
૫૭. ઉપાશ્રયમાં જતાં-આવતાં નિસીહિ-આવસ્સહી ન કહી.
૫૮. ૧૦૦ ડગલા દૂર જઈને આવ્યા પછી ઈરિયાવહી નકરી.

## ❖ ૭ - અતિથિસંવિભાગ

૧. અતિથિ સંવિભાગના નિયમનું પાલન ન કર્યું.
૨. સાધુને ઉપયોગ વગરનો અશુદ્ધ, અકલ્પ્ય આહાર વહોરાવ્યો.
૩. પર્વતિથિએ નિયમ હોવા છતાં પણ તપ ન કર્યો.
૪. દાન આપનારની નિન્દા કરી.
૫. અતિથિસંવિભાગમાં અતિચાર લગાડ્યા.
૬. અકલ્પ્ય હોવા છતાં કલ્પ્ય કહીને વહોરાવ્યું.
૭. ગુણવંતની ભક્તિ ન કરી, સહાયક ન થયા.
૮. સીદાતા સાધર્મિકને સહાયક ન થયા.
૯. ગરીબોને અનુકંપા દાન ન દીધું.
૧૦. છતી શક્તિએ સ્વામીવાત્સલ્ય ન કર્યું.
૧૧. દાન આપી પસ્તાવો કર્યો.
૧૨. વહોરાવવાના સમયે હાજર ન રહ્યા.
૧૩. ઈર્ષ્યા, અભિમાનથી ગોચરી વહોરાવી.

# તપાતિચાર

૧. પાક્ષિક, ચાર્તુમાસિક, સાંવત્સરિક તપ ન કર્યો.
૨. પચ્ચક્ખાણનો ભંગ થયો.
૩. પચ્ચક્ખાણ પારવાનું ભૂલી ગયા.
૪. અભિગ્રહ ભંગ કર્યો.
૫. તપનું નિયાણું કર્યું.
૬. નવકારશી મુટ્ઠસી આદિ સરળ પચ્ચક્ખાણ પણ ન કર્યું.
૭. શક્તિ હોવાં છતાં પણ ૧૨ પ્રકારનો તપ ન કર્યો.
૮. ઈન્દ્રિયોના વિષયો પર રાગ-દ્વેષ કર્યા.
૯. તપમાં કષાય કર્યો.
૧૦. વાચનાદાતા અને નાના-મોટા સાધુનો અવિનય કર્યો.
૧૧. પ્રમાદથી વ્રતભંગ કર્યો.
૧૨. દર્પથી વ્રતભંગ કર્યો.
૧૩. જાણતાં છતાં વ્રતભંગ કર્યો.
૧૪. તપની નિંદા કરી.
૧૫. ગુરુજન, તપસ્વી આદિનું વૈયાવચ્ચ ન કર્યું.
૧૬. ઉણોદરી તપ ન કર્યો.
૧૭. વિગઈ ત્યાગનો ભંગ કર્યો.
૧૮. એકાસણા આદિમાં કાચું પાણી પીધું.
૧૯. પાટલો હાલ્યો.
૨૦. ગુરુએ આપેલ પ્રાયશ્ચિત પુરું કર્યું નહિ.
૨૧. વાચના વગર અધ્યયન કર્યું.
૨૨. ધર્મના પ્રભાવથી રાજઋદ્ધિ આદિ વાંછી.
૨૩. ધર્મના પ્રભાવથી દેવેન્દ્ર આદિ પદવી વાંછી.
૨૪. દુઃખ આવ્યે મરણ ઈચ્છ્યું, સુખ આવ્યે જીવન ઈચ્છ્યું.
૨૫. ઉપવાસાદિ તપ કરી જાણીને છુપી રીતે ખાધું.
૨૬. અધિક તપસ્વીની ઈર્ષ્યા કરી.



૨૭. લોચાદિક કષ્ટ સહન ન કર્યા.
૨૮. એકાસણાદિ કરવા બેસતા નવકાર ન ગણ્યો.
૨૯. તપમાં બીજાની નિંદા કરી.
૩૦. તપમાં અધિક તપસ્વીની નિંદા કરી.
૩૧. એકાસણાદિમાં ઉઠતા પચ્ચક્ખાણ લેવું ભૂલ્યા.
૩૨. એકાસણાદિમાં અજીર્ણના ઓડકાર આવ્યા.
૩૩. એકાસણાદિ કર્યા બાદ ઉલ્ટી થઈ.
૩૪. એકાસણાદિ કર્યા બાદ વાપર્યા બાદ મુખમાંથી દાણો નીકળ્યો.

એક કરોડ રૂપિયાનું દાન કરવું સહેલું છે, જીવનભરનું શીલ પાળવું સહેલું છે, માસખમાણને પારણે માસખમાણ-જીવનભર કરવાનું ય કદાચ સહેલું હશે !

પણ

જેને કોઈ જાણતું નથી તેવા પોતાના જીવનમાં કરેલા તમામ પાપોનું સદ્ગુરુ પાસે નિવેદન કરવાની હિમ્મત કરવી તે અતિ મુશ્કેલ છે, જે અલ્પભવોમાં જ મોક્ષે જવાના હોય તેવા જ પુણ્યાત્માઓ આવું સત્ત્વ ફોરવી શકે છે.

# વીર્યાતિચાર

૧. ઊંઘના કારણે કાયોત્સર્ગ ન પાર્યો કે પ્રતિક્રમણમાં વાંદણા ન આપ્યા.
૨. ગુરુની પહેલા વાંદણા આપ્યા.
૩. ગુરુની પછી વાંદણા આપ્યા.
૪. અવિધિથી (થોડા મોડા) વાંદણા ખમાસમણા આદિ ક્રિયા કરી.
૫. ન્યૂનાધિક અક્ષરથી વાંદણા આપ્યા.
૬. પ્રતિક્રમણ ન કર્યું.
૭. બેઠાં બેઠાં આવશ્યક ક્રિયાઓ કરી.
૮. અવિધિએ આવશ્યક ક્રિયાઓ કરી.
૯. દાનાદિમાં શક્તિ છુપાવી.
૧૦. સામર્થ્ય અનુસાર પૂજાદિ અનુષ્ઠાન ન કર્યા.
૧૧. જ્ઞાન મેળવવામાં આળસ કરી.
૧૨. દર્શન માટે કોશિશ ન કરી.
૧૩. ચારિત્ર (દેશવિરતિ) માં મૂલ-ઉત્તર ગુણમાં પ્રમાદ કર્યો.
૧૪. તપ, વિનય, વૈયાવચ્ચ આદિ ન કર્યું.
૧૫. માયા કરી.
૧૬. ક્ષેત્રમાં શક્તિ હોવા છતાં દાન ન આપ્યું.
૧૭. દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું.
૧૮. ગુરુદ્રવ્યનું ભક્ષણ કર્યું.
૧૯. સાધારણ દ્રવ્યની ઉપેક્ષા કરી.
૨૦. પ્રતિક્રમણાદિ શુભ ક્રિયાઓમાં ઝઘડો કર્યો.
૨૧. જ્ઞાનાદિના ચઢાવા સમયે વાતો કરી.
૨૨. અંતરાયભૂત બન્યા.
૨૩. વિશ્વાસઘાત કર્યો.
૨૪. આત્મહત્યાના વિચારો કર્યા કે કરાવ્યા.
૨૫. આત્મહત્યાનો પ્રયત્ન કર્યો.
૨૬. કડક શબ્દોથી ત્રાસ આપ્યો.



૨૭. ઉદ્‌ભટ વેષ આદિથી આકર્ષણ ઉભુ કર્યું.
૨૮. અશુભ કાર્યમાં મદદ કરવાના પ્લાન બનાવ્યા.
૨૯. માતા-પિતા આદિનો તિરસ્કાર કર્યો, તેમને માર માર્યો.
૩૦. માયા-કપટ કરી.
૩૧. ક્રોધ અને દ્વેષના વિચારો કર્યા.
૩૨. લોભ, લાલચ આપી ફસાવ્યા.
૩૩. અભિમાનથી નોકર-ગરીબોને ઠપકાર્યા.
૩૪. સગા-સંબંધી તેમ જ પાડોશી સાથે ઝઘડો કીધો.
૩૫. વરરાજાને પોંખ્યા.
૩૬. શોક પાળ્યો, છાતી કૂટી.
૩૭. નાશવંત વસ્તુ માટે ઝઘડો કર્યો.
૩૮. સગા-સંબંધી મરી જતાં આર્તધ્યાન કર્યું.
૩૯. ભાઈ-બહેન ઝઘડ્યા.
૪૦. ભાઈ-બહેન સાથે મારામારી કરી.
૪૧. અભિગ્રહ કે કાઉસગ્ગ ભાંગ્યા.

## વિશેષ અતિચાર

૧. અંતરાયમાં મુસાફરી કરી.
૨. અંતરાય ૨૪ પ્રહર (૩ દિવસ) ન પાળી.
૩. અંતરાયમાં અડાઅડી કરી.
૪. મનુષ્ય, પશુ, પક્ષી વગેરે ચિત્રોવાળા કપડા પહેર્યા.
૫. સાસુ-સસરાને ખાવા-પીવા માટે ત્રાસ આપ્યો.
૬. ગુસ્સો કરીને કોઈને માર માર્યો.
૭. કોઈનો ગુસ્સો બીજા પર કાઢ્યો.
૮. જાતિ, કુળ, રૂપ આદિનો મદ કર્યો.
૯. પ્રતિક્રમણમાં વાતો કરી.
૧૦. છોકરાઓ સાથે હસી-મજાક ઉડાવી.
૧૧. પશુ-પક્ષી વગેરે આકારવાળા પિપરમેંટ, બિસ્કીટ ખાધાં.
૧૨. હિંસક ચામડાના બુટ, ચંપલ, બેલ્ટ વગેરે વાપર્યા.
૧૩. પ્રતિક્રમણાદિમાં બહેનોને આડ પાડી.
૧૪. પોતાની પ્રશંસા સાંભળી ખુશ થયા.
૧૫. ભોજનના વખાણ કે નિંદા કરી, કરાવી.
૧૬. ઈષ્ટ વસ્તુનો કે વ્યક્તિનો સંયોગ થતા ખુશ થયા.
૧૭. અનિષ્ટ વસ્તુનો કે વ્યકિતનો વિયોગ થતા ખુશ થયા.
૧૮. ઈષ્ટ વસ્તુનો કે વ્યક્તિનો વિયોગ થતા નારાજ થયા.
૧૯. વેદના આવ્યે આર્તધ્યાન કર્યું.

**✵ આલોચના નીચેના એડ્રેસ ઉપર મોકલી શકશો ✵**


પ.પૂ.આ. હેમવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ
C/o. રોયલ ઓપ્ટીકલ્સ
મધુવન સોસાયટી, ઝાંઝરડા રોડ,
જૂનાગઢ-૩૬૨ ૦૦૧
મો. ૯૮૯૮૨૫૯૫૬૭ - ૭૭૭૮૮૨૨૨૨૬




નામ : ..........................................

ઉંમર : ........................

પૂરેપૂરું સરનામું : ..................................

..........................................

..........................................

..........................................

વ્યવહારિક અભ્યાસ : ..............................

ધાર્મિક અભ્યાસ : ................................

પરણીત/અપરણીત : ..............................

ફોન નંબર : ......................................

મો. ..........................................

**સૂચના :-**

જે કરી શકો તે (✓) કરી સૂચિત કરો

અઠ્ઠમ .................... છઠ્ઠમ ......................

ઉપવાસ ................. આયંબિલ ..................

એકાસણા ............... બેસણા ....................

સ્વાધ્યાય .............. વર્ધમાન આયંબિલ તપનો પાયો નાંખેલ છે ? હા/ના, કેટલી ઓળી થઈ ? .............

ભવ-આલોચના પહેલાં લીધેલી છે ? હા કે ના ? .......

ભવ-આલોચના લીધી હોય તો હવે કેટલા વર્ષની બાકી છે ? ..........

પૂર્વેની ભવ-આલોચનામાં આવેલ પ્રાયશ્ચિતમાં જે બાકી હોય તે વિગતવાર લખો.

(સૂચના :- નીચેની વિગત પ્રાયશ્ચિતદાતા ગુરુદેવ ભરીને તમને પરત કરશે.)

નિમ્નોક્ત પ્રાયશ્ચિત ............ વર્ષમાં વહન કરવાનું છે.

૧. અઠ્ઠમ ................., ૨. છટ્ઠ .................,

૩. ઉપવાસ .............., ૪. આયંબિલ .............,

૫. એકાસણા ............., ૬. બેસણા ..............,

૭. બાંધી નવકારવાળી ........., ૮. સામાયિક ........,

૯. સ્વાધ્યાય (ગોખવું, વાંચવું, વ્યાખ્યાન સાંભળવું આદિ) .................... કલાક ગાથા કંઠસ્થ કરવી.

જીવદયા ..................................

અન્ય ....................................

તિથિ ....................................

તારીખ ..................................

સ્થળ ....................................

સહી .....................................

નોંધ :-

૧. જે માળા-સ્વાધ્યાય-વાંચન કરવાના હોય તે સામાયિકમાં કરવું અથવા ઈરિયાવહી કરીને ગણવા.
૨. સ્વાધ્યાય-વાંચન કલાકમાં આપ્યા હોય તે સળંગ અર્ધો કલાક કોઈની સાથે વાતચીત કર્યા વગર કર્યા હોય તે જ ગણવા.
૩. તોડેલી બાધાઓ ફરી ચાલુ કરવી.
૪. પ્રાયશ્ચિત જેમ બને તેમ જલ્દી પૂર્ણ કરવું તથા નવા લાગેલા દોષોની આલોચના દર વર્ષે અથવા બે વર્ષે કરવી.